॥ कोबातीर्थमंडन श्री महावीरस्वामिने नमः ॥

॥ अनंतलब्धिनिधान श्री गौतमस्वामिने नमः ॥

॥ गणधर भगवंत श्री सुधर्मास्वामिने नमः ॥

॥ योगनिष्ठ आचार्य श्रीमद् बुद्धिसागरसूरीश्वरेभ्यो नमः ॥

॥ चारित्रचूडामणि आचार्य श्रीमद् कैलाससागरसूरीश्वरेभ्यो नमः ॥

# आचार्य श्री कैलाससागरसूरि ज्ञानमंदिर

## पुनितप्रेरणा व आशीर्वाद

## राष्ट्रसंत श्रुतोद्धारक आचार्यदेव श्रीमत् पद्मसागरसूरीश्वरजी म. सा.

## जैन मुद्रित ग्रंथ स्केनिंग प्रकल्प

ग्रंथांक : १


**श्री महावीर जैन आराधना केन्द्र**

आचार्यश्री कैलाससागरसूरि ज्ञानमंदिर
कोबा, गांधीनगर-श्री महावीर जैन आराधना केन्द्र
आचार्यश्री कैलाससागरसूरि ज्ञानमंदिर
कोबा, गांधीनगर-३८२००७ (गुजरात)
(079) 23276252, 23276204
फेक्स : 23276249
**Websiet :** www.kobatirth.org
**Email :** Kendra@kobatirth.org

**शहर शाखा**

आचार्यश्री कैलाससागरसूरि ज्ञानमंदिर
शहर शाखा
आचार्यश्री कैलाससागरसूरि ज्ञानमंदिर
त्रण बंगला, टोलकनगर
परिवार डाइनिंग हॉल की गली में
पालडी, अहमदाबाद – ३८०००७
(079) 26582355

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાલા
ગ્રન્થાંક ૧૧૧-૧૫૧

# પૃથ્વીપાલ રાજાની કથા
# તથા
# કાકજંઘ કોકાશની કથા

: સંપાદક :
પૂ. આ. શ્રી
વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મ.

: પ્રકાશિકા :
શ્રી હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાલા
લાખાબાવળ-શાંતિપુરી (સૌરાષ્ટ્ર)

મુલ્ય રૂા. ૧૦-૦૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


नम्र सूचन

इस ग्रन्थ के अभ्यास का कार्य पूर्ण होते ही नियत समयावधि में शीघ्र वापस करने की कृपा करें. जिससे अन्य वाचकगण इसका उपयोग कर सकें.


પૂ. આ. શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મ.ના પટ્ટધર

પૂ. આ. શ્રી વિજયજિનેન્દ્રસૂરીશ્વરજી મ.ના

આચાર્યપદનાં ૨૫ વર્ષ નિમિત્તે

શ્રીમતી સવિતાબેન વેલજી સામત

- લંડન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી હર્ષપુષ્પામૃત જૈન ગ્રન્થમાલા ગ્રંથાંક ૧૧૧-૧૫૧

શ્રી મહાવીર જિનેન્દ્રાય નમઃ
શ્રી મણિબુદ્ધયાણંદ હર્ષકપૂરામૃતસૂરિભ્યો નમઃ

# પૃથ્વીપાલ કથા
# તથા
# કાકજંઘ કોકાશ કથા

– સંપાદક –
પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મહારાજ

– પ્રકાશિકા –
શ્રી હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાલા
લાખાબાવળ–શાંતિપુરી (સૌરાષ્ટ્ર)

મૂલ્ય રૂા. ૧૦–૦૦

For Private And Personal Use Only

પ્રકાશિકા – શ્રી હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાલા
(લાખબાવળ)
C/o. શ્રુતજ્ઞાન ભવન, ૪૫ દિગ્વિજય પ્લોટ, જામનગર

| વીર સં. | વિક્રમ સં. | સને | બીજી આવૃત્તિ |
|---|---|---|---|
| ૨૫૨૬ | ૨૦૫૬ | ૨૦૦૦ | નકલ ૨૦૦૦ |

# કાંઈક

અમારી ગ્રંથમાલા તરફથી ઉપયોગી કથા સાહિત્યમાં આ પૃથ્વીપાલ રાજાની કથા તથા કાકજંઘ કોકાશ કથા પ્રગટ થાય છે.

જે બાળજીવોને સરળ બોધ જ્ઞાન અને વિજ્ઞાન આપે છે તે ગ્રંથમાલાના ૧૧૧ અને ૧૫૧ ગ્રંથાંક તરીકે હતા. પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મ. એ આ પુસ્તિકાનું સંપાદન કર્યું છે.

તા. ૨૧–૬–૨૦૦૦ **દેવચંદ પદમશી ગુઢકા**
**લાખાબાવળ** વ્યવ. શ્રી હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાલા

અનુક્રમ


| નં. | નામ | ગ્રંથાંક | પેજ |
|---|---|---|---|
| ૧ | પૃથ્વીપાલ રાજાની કથા | ૧૧૧ | ૧ |
| ૨ | કાકજંઘ અને કોકાશની કથા | ૧૫૧ | ૩૯ |

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શ્રુતજ્ઞાન આરાધના અંગે

# ૧. શ્રી પૃથ્વીપાલ રાજાની કથા

'પૃથ્વીપુર' નામના નગરના સમગ્ર પદાર્થોની પરીક્ષા કરવામાં વિચક્ષણ અને તાત્કાલિક બુદ્ધિવાળો 'પૃથ્વીપાલ' નામે પૃથ્વી (રાજા) હતો. ધર્મથી ઇષ્ટની પ્રાપ્તિ અને અધર્મથી અનિષ્ટની પ્રાપ્તિ થાય છે.' આ પ્રમાણેનાં શાસ્ત્રના વાક્યોનો જુદા જુદા દર્શનમાં સંવાદ હોવાથી તે રાજાને શાસ્ત્રો ઉપર બહુમાન નહોતું. કારણ કે તે રાજા કેટલાએક પુણ્યવંત મનુષ્યોને નિરંતર દારિદ્ર અને આધિ વ્યાધિથી દુઃખી થતા જોતો હતો, તથા કેટલાએક પુણ્યરહિત મનુષ્યોને સામ્રાજ્ય સુખને ભોગવતા જોતો હતો. તે ચતુર રાજા એકદા (રાત્રે) નગરચર્ચા જોવાને ગુપ્ત વેષ ધારણ કરી ફરતો ફરતો કોઇ વિદ્યામઠ પાસે આવ્યો. ત્યાં તેણે પાઠકે બોલાતો એક ઉજ્વળ યશની જેવો શ્લોક સાંભળ્યો—

"સર્વત્ર સુપ્રિયાઃ સન્તઃ; સર્વત્ર કુધિયોઽધમાઃ
સર્વત્ર દુઃખિનાં દુખં,
સર્વત્ર સુખીનાં સુખમ્ ॥૧॥"

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અર્થ : 'સત્પુરુષો સર્વત્ર અતિ પ્રિય હોય છે, અધમ પુરૂષો સર્વત્ર દુષ્ટ બુદ્ધિવાળા હોય છે, દુઃખી માણસોને સર્વત્ર દુઃખ હોય છે, અને સુખી માણસોને એકત્ર સુખ હોય છે.

આ શ્લોકમાં કહેલી બાબત સત્ય છે કે નહી ? તેની પરીક્ષા કરવાની ઇચ્છાથી તે રાજાએ બીજે દિવસે કૃત્રિમ કોપ કરીને એક ઘણા ગુણો વડે પ્રસિદ્ધ એવા મહાપુરૂષને પોતાના સેવકો દ્વારા બોલાવ્યો અને તેને કહ્યું કે-'હાથીની જેમ મદાંધ થયેલા તારા પુત્રે મારી આપેલી આજ્ઞારૂપી અર્ગલા (સાંકળ) ને મારા ચર પુરૂષના સમક્ષ બળથી તોડી નાંખી છે.' આ પ્રમાણે અત્યંત કૃત્રિમ કોપ કરીને દોષનો આરોપ કરી રાજાએ તેને તેના પુત્ર સહિત ચોરની જેમ કારાગૃહમાં નાંખ્યો. અને પોતાના અતિ વિશ્વાસુ ચર પુરૂષોને ગુપ્ત રીતે તેમની વાતો સાંભળવા માટે આજ્ઞા કરી.

પછી રાજાએ કપટથી પોતાના શરીરમાં અત્યંત વ્યાધિ થવાનું પ્રગટ કર્યું. તેથી ગુપ્તચર પુરૂષો પણ પરસ્પર આ પ્રમાણે બોલવા લાગ્યા કે-'આજે રાજાનું શરીર આયુષ્યના અંત સમય જેવું થયું જણાય છે. આવા આકસ્મિક મહા-વ્યાધિથી જીવિતની આશા કયાંથી જ હોય ? આ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રમાણે નજીકના ચર પુરૂષોથી થતી વાત સાંભળીને સ્વભાવથી જ પરહિતકાંક્ષી એવા તે પિતા અને પુત્ર મહા શોક પામ્યા, અને નિઝરણાંની જેમ ચક્ષુમાંથી અશ્રુને મૂકવા લાગ્યા.

પછી તે બન્ને પરસ્પર હૃદયમાં રહેલાં વાતો કરવા લાગ્યા. કે–'હા ! હા ! રાજાના શરીરમાં આ અકસ્માત્ શું થયું ? ગમે તે થયું હોય પણ પરિણામે આ રાજાનું કાંઇ પણ અહિત ન થાઓ. જો કે આ રાજાએ આપણને સહસાત્કારે ફોગટ દુઃખમાં નાખ્યા છે. અને આ રાજાનું મરણ થયેથી આપણે જલ્દી છુટી શકીએ ખરા. કારણ કે નવો રાજા રાજ્ય મળવાથી સમગ્ર કેદીઓને છોડી મૂકે છે અને કેદીઓને છોડયા પછી જ નવા રાજાને અભિષેકોત્સવ કરવાનો રીવાજ છે; એ સિવાય બીજી રીતે આપણે છુટીએ તેવું કોઇ પ્રકારે જણાતું નથી.

વળી આજ્ઞાભંગનો આક્ષેપ કરનાર અને અત્યંત ક્રોધાયમાન થયેલો આ રાજા આપણને કોણ જાણે કેવી કદર્થના પમાડશે ? તેની ખબર પડતી નથી. કહ્યું છે કે–'રાજાઓની આજ્ઞાનો ભંગ, મહાપુરૂષના માનનું ખંડન અને બ્રાહ્મણની વૃત્તિ (જીવિકા) નો નાશ, એ શસ્ત્રવિનાનો વધ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કહેવાય છે.' આ પ્રમાણે હોવા છતાં પણ જગતના જીવનરૂપ આ રાજા ચિરકાળ સુધી જીવતો રહો. બીજા જીવનું પણ અનિષ્ટ ચિંતવવું યોગ્ય નહીં, તો રાજાનું અનિષ્ટ શી રીતે ચિંતવવાલાયક હોય ? વળી આપણને જે આ દુ:ખ પ્રાપ્ત થયું છે, તે તો આપણા જ દુષ્કર્મે થયેલું છે, તેમાં આ રાજાનો કાંઇપણ દોષ નથી. જો એમ ન હોય તો આ હુંશીયાર રાજા પરીક્ષા કર્યા વિના આમ કેમ કરે ? કહ્યું છે કે–

'સર્વ જીવો પોતાના પૂર્વે કરેલાં કર્મોના ફળવિપાકને પામે છે; તેમાં અપરાધ (હાનિ) અથવા ગુણ (લાભ) કરવાને વિષે બીજો તો નિમિત્તમાત્ર જ છે' જ્યારે કર્મ બળવાન્ હોય છે ત્યારે અચિંત્યો જ મર્મસ્થાનમાં ઘા વાગે છે. અને તે વખતે પ્રાણનું રક્ષણ કરનાર કોઇપણ થતું નથી. તેમજ કાંઇ પણ આધાર કે વિચાર પણ કામ આવતા નથી. તથા આપણા કર્મના વશથી આપણું જે થવાનું હોય તે થાઓ, પરંતુ આ રાજાનું તો સર્વથા શુભ જ થાઓ, એટલાથી જ આપણને સર્વ રીતે સંતોષ છે.'

આ પ્રમાણે તે પિતા અને પુત્રની પરસ્પરની વાતોને ગુપ્ત રીતે સાંભળનાર ચર પુરૂષોએ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તત્કાળ આવીને રાજા પાસે સ્પષ્ટ રીતે જાહેર કરી. એટલે રાજા મનમાં આનંદિત થયો પછી પુષ્ટ બુદ્ધિમાન્ અને તુષ્ટ થયેલા રાજાએ ક્ષણવાર પછી પોતાના શરીરની સુખકારી પ્રગટ કરી. અને ચેલા બન્નેને ઘણા માનપૂર્વક પોતાની પાસે બોલાવ્યા. નિર્મળ બુદ્ધિવાળા રાજાએ કાર્યની વ્યગ્રતાથી સંભાળ લેતાં વિલંબ થયાનું જણાવી તેમનો સત્કાર કરી તેમને રજા આપી, એટલે તે બન્ને હર્ષ પામતા પોતાને ઘેર ગયા. આ સર્વ શુભ સ્વભાવનું જ ફળ છે.

શ્લોકના પહેલા પાદની આ પ્રમાણે પરીક્ષા કર્યા પછી રાજાએ બીજા પાદની પરીક્ષા કરવાનો આરંભ કર્યો. નગરના કોઇક અતિ નીચ પ્રકૃતિવાળા પિતા પુત્રને કૃત્રિમ બહુમાન આપીને મંત્રી વિગેરેથી પણ અધિક માનવાળા કર્યા. પછી એકદા પ્રથમની જ જેમ રાજાએ પોતાની કૃત્રિમ તીવ્ર વ્યાધિને પ્રગટ કરી, પોતાના આયુષ્યના અન્ત્યની સ્થિતિ ચરપુરુષો દ્વારા તેમને જણાવી. તે સાંભળીને અધમ સ્વભાવવાળા તે બન્ને પોતાની પ્રકૃતિને યોગ્ય એવી વાતો કરવા લાગ્યા; કેમકે એકાંત સમયે હૃદયનો ભાવ પ્રગટ થાય છે. તે સમયે ગુપ્ત રીતે રાખેલા ચર પુરૂષો તેમની વાતો પણ સાંભળતા હતા. તે પિતા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તથા પુત્ર આ પ્રમાણે પરસ્પર બોલવા લાગ્યા– 'આ રાજા જો હમણાં જ મરે, તો આપણે આનંદથી અપુત્રીયા રાજાના સમગ્ર સામ્રાજ્યનો ઉપભોગ કરીએ.

રાજ્યમાં આપણને કોણ માનતું નથી? સર્વ માને છે કદાચ કોઇક નહીં માને, તો તેને તત્કાલ હણીને પણ આપણે રાજ્ય કરીશું. નવા રાજાની એવીજ રીત હોય છે. કદાચ રાજ્ય લેવાને આપણે સમર્થ નહીં થઇએ તો પણ સ્વેચ્છાએ રાજાનું સર્વસ્વ લુંટી લઇને અંતપુરની રાણીઓ સાથે અને નગરની સ્ત્રીઓ સાથે સુખભોગ તો સુખેથી ભોગવશું. માટે આ રાજાનું પોતાની મેળેજ મરણ થાય છે, તે સારૂં છે, નહી તો આપણે તેને મારવાની જરૂર પડત, કેમકે રાજ્યગૃહની અંદર ફરનારા આપણને શું દુસાધ્ય છે?'

આ પ્રમાણે તે દુષ્ટબુધ્ધિવાળા દુષ્ટોની પાપિષ્ટ વાતચીત સાંભળીને પેલા ગુપ્ત ચર પુરૂષોએ તે વાત રાજાની પાસે કહી શકાય તેવી ન હોય છતાં પણ ગુપ્તરીતે જણાવી. તે સાંભળીને અત્યંત કોપથી કંપાતા જાગૃત ન્યાયવાળા તે રાજાએ તત્કાળ તે બંનેનો નિગ્રહ કર્યો. રાજા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઓને દુર્જનનો તિરસ્કાર અને સજ્જનની પૂજા કરવી ઉચિતજ છે.

આ પ્રમાણે બે પાદની પરીક્ષા કરીને ત્રીજા પાદની પરીક્ષા કરવા માટે રાજાએ પોતાના ચરપુરૂષોદ્વારા જન્મથીજ દારિદ્રવડે દગ્ધ થયેલા એક રાંક ભિક્ષુકને બોલાવ્યો. તેના હાથમાં ભિક્ષા માગવા લાયક એક કર્પર (ઠીંકરૂં) હતું, તેણે કંથાની જેવા ફાટેલા જૂના વસ્ત્રનો એક કકડો પહેરેલો હતો; ચાલતા ટેકો આપવા માટે લાકડીનો કકડો હાથમાં હતો, તેની ગતિ સ્ખલિત થતી હતી. અને તેનું શરીર અત્યંત કૃશ હતું.

આવા તે ભીખારીને જોઇને રાજાએ તેને કહ્યું 'હે ભિક્ષુક ? તારા શરીરને અભ્યંગ, મર્દન ઉદ્વર્તન સ્નાન, ભોજન, વસ્ત્ર, શય્યા અને આસન એ વિગેરે ઇપ્સિત વસ્તુ આપવા વડે હું તને સુખી કરીશ, તુ મારી પાસે રહે અને સુખેથી મનુષ્યને મળતા સુખો ભોગવ. આ ભિક્ષુકના વેષને છોડી દે અને બીજા ઉત્તમ વેષને ધારણ કર. તારા નસીબને પણ ફેરવી નાખીને હું તને પૃથ્વીપતિ સમાન બનાવી દઇશ, કેમકે કલ્પવૃક્ષની જેમ હું પ્રસન્ન થયેથી તારે દુષ્પ્રાપ્ય શું છે ?'

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ પ્રમાણે ઘણીરીતે કહ્યા છતાં પણ તે પ્રારબ્ધહીન ભિક્ષુક જરા પણ વિશ્વાસ ન પામ્યો. અને જેમ મિથ્યાત્વી પ્રાણી મિથ્યાત્વનો ત્યાગ ન કરે, તેમ તેણે પોતાના વેષનો ત્યાગ કર્યો નહીં. જ્યારે તેને બળાત્કારે વેષ મૂકાવવા લાગ્યા. ત્યારે તેને જાણે કોઇએ માર્યો હોય તેમ તે રોવા લાગ્યો. તે જોઇને રાજાએ તેને કહ્યું કે 'તારો વેષ કાયમ રાખીને પણ તું ભોજનાદિકવડે સુખ ભોગવ.' તે સાંભળીને પ્રસન્ન થયેલો તે ભિક્ષુક જેમ પહેલા કષાય (અનંતાનુબંધી)ના ઉદયવાળો જીવ (પ્રથમ પામેલા) સર્વ સમ્યક્ત્વને વમી નાંખે, તેમ પ્રથમ પ્રેતની જેમ ઘણું જમ્યો અને પછી તત્કાળ તે સર્વનું વમન કર્યું. કહ્યું છે કે—

'દૈવનું (કર્મનું) ઉલ્લંઘન કરીને જે કાર્ય કરવામાં આવે છે, ફળીભૂત થતું નથી. ચાતક પક્ષીએ ગ્રહણ કરેલું સરોવરનું પાણી ગળાના રંધ્રદ્વારાએ બહાર નીકળીજ જાય છે.' પછી રાજાએ સાંયકાળે તેને ફરીથી ભોજન કરાવીને તાંબૂલાદિક આપ્યા. તે વખતે પણ તે નારકીની જેમ પેટની વ્યથાદિક દુઃખને સ્પષ્ટરીતે ભોગવવા લાગ્યો. તે વ્યાધિનો રાજાએ ઉપચાર કરાવ્યો ત્યારે અતિસાર (ઝાડા) ના વ્યાધિથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે અત્યંત પીડાયો, અને તે અતિસાર નો ઉપચાર કરાવ્યો ત્યારે તત્કાળ મૃત્યુને સૂચન કરનારા વિસૂચિકા નામના વ્યાધિવડે પીડાવા લાગ્યો.

આ પ્રમાણે ઉત્તમ રાજાએ યત્ન કર્યા છતાં પણ તે રક્ત. અતિસાર, તીવ્રજ્વર, પિત્ત, કફ અને વાત વિગેરેના વ્યાધિથી પીડાયો, પણ દૈવથી હણાયેલો તે જરા પણ સુખ પામ્યો નહી. પ્રાંતે જડ બુદ્ધિવાળાને ગુરૂ મહારાજની જેમ રાજાએ તેને કોઇ પણ પ્રકારે વિવિધ પ્રકારના દુષ્કર ઉપાયોવડે સાજો કર્યો. 'ઉદ્યમવડે શું ન થાય ?' પૃથ્વીપાલ રાજા તેને સાજો થયેલો જોઇ અત્યંત ખુશી થયો. ત્યારે અહંકાર અને હુંકાર કરતો તે દ્રમક એક દિવસે પોતાના કૃત્યથી કરાયેલા દુર્દૈવથી પ્રેરાયો હોય તેમ વિષવૈદ્યને ઘેર ગયો ત્યાં દવાઓની મેળવણીથી વિષમ થયેલું એક જાતનું વિષ તેની દષ્ટિએ પડયું.

એટલે તરતજ નષ્ટ બુદ્ધિવાળા તે દ્રમકે તેને સુઘ્યું, સુંઘવા માત્રથી પણ તે વિષ પરાધીનતાને કરનારૂં હતું તેથી તે વૈદ્યે તેને એકદમ અટકાવ્યો અને કહ્યું કે 'આ તેં શું કર્યું ? વિચાર્યા વિના જે કામ કરવું તે મરણપર્યંત દુઃખને દેવાવાળું થાય છે.'

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એટલે તે ભિક્ષુક બોલ્યો કે 'હે વૈદ્ય ! જેમ અનર્થથી અટકાવે તેમ આ સુગંધિ પદાર્થ સુંઘતા મને કેમ અટકાવો છો ?' વૈદ્યે કહ્યું કે 'હે મૂર્ખ ! તીવ્ર વિપાકથી ગૌરવતાને પામેલું આ મહાવિષ તેં સુંઘ્યું, તેથી આ જન્મમા તો તારે સુખનો વિનાશ જ થયો. આજથી પાંચે ઇંદ્રિયોના વિષયોને લગતા પદાર્થોમાંથી એક પણ ઇષ્ટ પદાર્થ તારે સુખને માટે સેવવો નહીં, અને જો સેવીશ તો તત્કાળ તારૂં મરણજ થશે. હવે તારે લુખું રસવિનાનું અલ્પ ભોજન કરવું જેવું તેવું, પાણી પીવું જીર્ણ અને ફાટેલાં વસ્ત્રો પહેરવાં તથા ભોગનો ત્યાગ કરવો પરીષહ સહન કરવા અને અનિયમિત વસવું. એ વિગેરે મુનિની જેવી મર્યાદાવડે જો રહીશ, તો તું જીવતો રહીશ; અન્યથા જરૂર મરણ પામીશ. જીવોના પરિણામની જેમ ઔષધોના પરિણામો પણ ઘણા વિચિત્ર હોય છે.'

આ પ્રમાણે સાંભળીને દીન ચિત્તવાળા તે દ્રમકે ઘણી માંદગીવાળા આતુર માણસની જેમ તે સર્વ અંગીકાર કર્યું. કેમકે 'મનુષ્ય મરણના ભયથી દુષ્કર એવું પણ શું નથી કરતો ? સર્વ કરે છે.' પછી યતિના આચાર પ્રમાણે વર્ત્તતા તે દ્રમકને રાજાદિકે ચારિત્ર ગ્રહણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરવા માટે ઘણું કહ્યાં છતાં પણ તે તુચ્છ મનવાળાએ યતિપણું અંગીકાર કર્યું નહીં. કેમકે યતિપણું તો મહા સાત્વિક પુરૂષોથીજ સાધી શકાય તેવું છે. પૂર્વે કહેલા શ્લોકના ત્રીજા પાદના અર્થને જાણે સિદ્ધ કરવા માટેજ હોય, તેમ તેણે દીક્ષા ગહણ કરી નહી. કારણ કે પ્રવ્રજ્યા લેવાથી તો આગામીકાળે સુખની પ્રાપ્તિ થાય છે. તે આ દ્રમકને કયાંથી હોય? કહ્યું છે કે.

'તૃણના સંથારાપર બેઠેલા રાગ, દ્વેષ અને મોહ રહિત એવા શ્રેષ્ઠમુનિ જે મુક્તિની જેવું સુખ પામે છે; તે સુખને ચક્રવર્તી પણ કયાંથી પામે?' જો તે દ્રમકે ધર્મબુદ્ધિથી આવું કષ્ટ સહન કર્યું હોત તો કોણ જાણે કેવું ઉત્તમ ફળ પામત? પરંતુ આવા પશુની જીંદગીમાં સહન કરવા પડે તેવા કષ્ટને આ સંસારમાં પડેલા જીવો સંસારમાં રહ્યા સતા સુખી થઇને સહન કરે છે, પરંતુ મુનિપણું સ્વીકારતા નથી. તે મહા આશ્ચર્ય છે.

આ પ્રમાણે ત્રીજા પાદના અર્થની પરીક્ષા કરીને હવે ચોથા પાદની પરીક્ષા કરવા માટે તીવ્ર બુદ્ધિવાળા રાજાએ ઉપાયનો વિચાર કરતાં આ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રમાણે ચિંતવ્યું કે–'માત્ર પરીક્ષાને જ માટે ફોગટ બીજા સુખી માણસને શા માટે દુઃખ દેવું ? માટે હું પોતે જ પરદેશમાં જઇ એ પાદની પરીક્ષા કરૂં.' આ પ્રમાણે વિચારીને બીજેજ દિવસે રાજા રાજ્યનો ભાર મંત્રીને સોંપીને રાત્રિને સમય એકલો નગર બહાર નીકળી ગયો. માર્ગે ચાલતાં તેણે વિચાર કર્યો કે–'મારા દેશમાં તો સમગ્ર લોકો મને જાણે છે, તથા સેવકની જેમ વિશેષ પ્રકારે મારી ભક્તિ કરશે, તેથી આ દેશ મુકી પરદેશ જવું જોઇએ. પરંતુ જલદીથી દૂર દેશ શી રીતે જવાશે ?'

આ પ્રમાણેની ચિંતાથી ઉદ્વેગ પામેલો રાજા માર્ગે ચાલતાં થાકી જવાથી એક વડવૃક્ષની તળે બેઠો. તે વખતે તે વૃક્ષપર રહેનાર યક્ષને તેની સ્ત્રી યક્ષીણીએ કહ્યું કે–'હે પ્રિય ! આપણા આશ્રમની નીચે બેઠેલો આ અભ્યાગત કોઇ મહાન પુરૂષ જણાય છે, તેથી તે તમારે માનવા–પૂજવા યોગ્ય છે. શાસ્ત્રમાં કહ્યું છે કે–પોતાને ઘેર ચાલીને આવેલા સત્પુરૂષનું યોગ્ય સન્માન કરવું જોઇએ, તે દુઃખમાં આવી પડેલ હોય તો તેમાંથી તેમનો સારી રીતે ઉદ્ધાર કરવો જોઇએ, અને દુઃખી પ્રાણીઓ પર દયા કરવી જોઇએ.

આ પ્રમાણેનો ધર્મ સર્વ મતવાળાઓને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંમત છે.' તે સાંભળીને તે યક્ષે પ્રત્યક્ષ થઇને રાજાને કહ્યું કે–'હે સજ્જન ! કહે, તારે શું ઇષ્ટ છે? જે તું માગે તે આપવાને હું કલ્પવૃક્ષની જેમ સમર્થ છું" તે સાંભળી વિસ્મય પામેલો રાજા બોલ્યો કે–'તમે કોણ છો? અને કયે પ્રકારે ઇષ્ટ વસ્તુને આપવા સમર્થ છો? કારણ કે મનુષ્યોને તો અનેક પ્રકારના વાંછિત હોય છે, એ વાત પ્રસિદ્ધ છે.'

ત્યારે યક્ષ બોલ્યો કે, 'હું મોટો દેવ છું તથા મનવાંછિતને પૂર્ણ કરવા સમર્થ છું. કેમકે અમારે સર્વ સિદ્ધિઓ અને સમૃદ્ધિઓ મનથીજ સિદ્ધ થાય છે.' તે સાંભળીને રાજાએ કહ્યું કે–'હે દેવ ! તમે શા માટે જુઠુ બોલો છો? દેવોનું પણ મનવાંછિત સિદ્ધ થતું નથી. દેવો પણ ઘણા દુઃખી હોય છે, કેમકે ઇર્ષ્યા, વિષાદ, મદ, ક્રોધ, માન અને લોભ ઇત્યાદિ વડે દેવો પણ દુઃખી હોય છે. તેઓ બીજા પોતાથી અધિક ઋદ્ધિવાળાથી પરાભવ પામે છે. માટે તેમને પણ સુખ કયાંથી? તેથી જો દેવોથી પોતાનું વાંચ્છિત પણ સિદ્ધ થતું નથી, તો તે બીજાનું શી રીતે સિદ્ધ કરશે? માટે દેવોથી પણ અન્યનું મનોવાંછિત સિદ્ધ કરાયજ નહીં.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શું રંક માણસ બીજાને રાજ્ય આપી શકે? માટે હે દેવ! તમે વિદ્વાન થઇને ગર્વથી ગ્રથિલની જેમ આમ કેમ બોલો છો? સત્યવક્તા મનુષ્ય પણ આવું અસત્ય બોલતા નથી, તો તમે દેવ થઇને કેમ બોલો છો?' આ પ્રમાણે રાજાએ તત્વ અને યુક્તિથી કહ્યું, તે સાંભળીને ચિત્તમાં ચમત્કાર પામેલો યક્ષ બોલ્યો કે–

'હે મહાપુરૂષ! તે આ જે કહ્યું તે સર્વ સત્ય છે દેવોને પણ બીજાની જેમ પૂર્વે કરેલા પોતપોતાના પુણ્યને અનુસારે જ કાર્ય સિદ્ધિ થાય છે. તો પણ દેવની શક્તિ અચિંત્ય છે તેથી તે ચિંતવેલું કાર્ય કરી શકે છે.

જેવું સુખ મનુષ્યોથી સાધી શકાતું નથી, તેવું સુખ દેવતા શીઘ્રતાથી સાધી શકે છે, માટે તું મારી પાસે કાંઇપણ માગ. તું જે માગીશ તે મારાથી અવશ્ય સિદ્ધ થશે, હું તે સર્વ તને આપી શકીશ. કેમકે દેવનું દર્શન નિષ્ફલ હોય જ નહીં,'

આ પ્રકારે સાંભળીને તે દેવનું વચન અત્યંત દૃઢ કરવા માટે રાજાએ કહ્યું કે–'હે દેવ! જો તમારી ઇચ્છા એમજ હોય તો હું જ્યારે તમારૂં સ્મરણ કરૂં ત્યારે તમે મારૂં કાર્ય સિદ્ધ કરજો.'

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે દેવે તેનું વચન અંગીકાર કર્યું કેમકે જે પુણ્યવંત હોય છે, તેનું કાર્ય અવશ્ય સિદ્ધ થાય છે, અને ચિંતવ્યા કરતા પણ અધિક સમૃદ્ધિ પ્રાપ્ત થાય છે; ત્યાર પછી હર્ષ પામેલો રાજા વિચાર કરવા લાગ્યો કે 'અહીં પણ હું અધિક સુખી તો થયો, તે છતાં પણ પરીક્ષાને માટે હું પરદેશ ગમન કરૂં.' એમ વિચારીને તે રાજાએ યક્ષને કહ્યું કે–'હે દેવ! મને હમણાંજ (દૂર દેશમાં) પહોંચ ડો.' એટલે દેવશકિતથી તે રાજા વાયુની પેઠે ક્ષણવારમાં પરદેશ પહોંચ્યો. ત્યાં પરમ નીતિમાં અવધિરુપ કુશસ્થળ નામનું નગર હતું. તે નગરના સમીપના ઉદ્યાનમાં મુસાફરની જેમ તે રાજા ગંધાતા કોઢીયા પુરૂષ જેવું રુપ ધારણ કરીને બેઠો.

તે કુશસ્થળ નગરમાં ચંદ્રની જેમ લોકને આનંદ કરતો ચંદ્ર નામે રાજા રાજય કરતો હતો. તે રાજા નામ વડે ચંદ્ર છતાં સૂર્યની જેમ શત્રુના તેજનો નાશ કરતો હતો એ આશ્ચર્ય છે. તે રાજાએ ચંદ્ર જેવા મુખવાળી પ્રિયવચના અને પ્રિયવદના નામની બે રાણીઓ હતી, પહેલી રાણી ગુણવડે અધિક હતી, અને બીજી ચંદ્રના જેવા સુંદર મુખવાળી હતી. પુત્રથી રહિત એવી તે બન્ને સ્ત્રીઓને અત્યંત પ્રીતિનાં પાત્રભૂત એક એક પુત્રી હતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેમાં પહેલીનું નામ સુલોચના અને બીજીનું નામ સુવદના હતું. તે બન્ને પુત્રીઓ સરખી ઉમ્મરવાળી, સુન્દર અને સમાન રૂપવાળી, ગુણોવડે અત્યંત શ્રેષ્ઠ અને પૃથ્વીપર આવેલી દેવકન્યાઓજ હોય, તેવી શોભતી હતી. યોગ્ય વયે તે બન્નેને રાજાએ ઘણી કળાઓ શીખવી. જ્યારે તે બન્ને યુવાવસ્થા પામી, ત્યારે એક દિવસ તેમની માતાઓએ તેમને વિશેષ આભૂષણાદિકવડે શણગારીને રાજા પાસે મોકલી, સભામંડપમાં બેઠેલા રાજાએ કમળ ઉપર હંસીઓની જેમ તેમને પોતાના ઉત્સંગ (ખોળા)માં બેસાડી, પછી પ્રશ્નોત્તર આદિ અનેક પ્રકારની પૃચ્છાઓના તે બન્ને કન્યાઓએ સાક્ષાત્ સરસ્વતીની જેમ તત્કાળ ઉત્તર આપ્યા.

પછી રાજાની આજ્ઞાથી મોટા મોટા પંડિતોએ પણ તેમની કળા કુશળતાની પરીક્ષા માટે અનેક પ્રકારના પ્રશ્નો પૂછયા. તે દરેકના જવાબો પણ તે બન્ને કન્યાઓએ ઘણા જ સંતોષકારક આપ્યા.*

---

* આ સ્થળે ઘણા પ્રશ્નોતરો વિસ્તારવાળા છે, પણ તે શાસ્ત્રના અભ્યાસીનેજ ઉપયોગી હોવાથી અહીં લખ્યા નથી. જિજ્ઞાસુએ આચારપ્રદીપ ગ્રંથમાંથી તે વાંચી લેવા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્યાર પછી રાજાએ પોતે બન્ને કન્યાઓને કહ્યું કે-"મારા પ્રશ્નનો જવાબ તમે બેઉ બરાબર આપો કે-કર્મ (પ્રારબ્ધ) અને ઉપક્રમ (ઉદ્યમ) એ બેમાં મુખ્ય કોણ? પહેલું કે બીજું? કે તે બન્ને સમાન છે? તે કહો." ત્યારે પહેલી કન્યા બોલી કે-

"પરાક્રમી જેમ સર્વ સ્થળે ઉપક્રમજ (ઉદ્યમ) ફળ સાધનનું કારણ છે, ઉપક્રમવિનાનું કર્મ (પ્રારબ્ધ) નિષ્ફળ છે. ભોજન, વસ્ત્ર, ધન ઉપાર્જન, અન્યનું વશીકરણ, શત્રુનો નાશ, વિદ્યાની પ્રાપ્તિ અને રાજ્યનો લાભ ઇત્યાદિ સર્વ કાર્ય ઉદ્યમથીજ સિદ્ધ થાય છે. કહ્યું છે કે-'ઉદ્યમવડેજ સર્વ કાર્ય સિદ્ધ થાય છે, પણ મનોરથોવડે સિદ્ધ થતાં નથી, કેમકે સૂતેલા સિંહના મુખમાં પોતાની મેળે જ મૃગલાં પ્રવેશ કરતાં નથી. તેથી બિલાડીની જેમ નિરંતર ઉદ્યમજ કરવો. જેમકે બિલાડો જન્મથીજ તેની પાસે ગાય નથી તો પણ હંમેશાં ઉદ્યમ કરવાથી દૂધ પીએ છે." તે સાંભળીને બીજી કુમારી બોલી કે-

'કર્મ (પ્રારબ્ધ) વિના ઉદ્યમનું શું ફલ? કાંઇજ નહી. જેમ બીજ વિના ખેતી કરવાનાં સર્વ ઉદ્યમ નિષ્ફળ છે, તેમ કર્મરુપ બીજ વિનાનો ઉદ્યમ નિરર્થક છે. કહ્યું છે કે-'ઘણા ઉપાયો કર્યા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છતાં પણ ભાગ્ય વિના તેનું ફળ પ્રાપ્ત થતું નથી. કેમકે રાહુ અમૃત પીવા જતાં ઉલટો અંગરહિત થઇ ગયો.

વળી ઉદ્યમી માણસનો ઉદ્યમ પણ કર્મ વિના ફળીભૂત થતો નથી. કેમકે–'બુદ્ધિઃ કર્માનુસારિણી–કર્મને અનુસરીનેજ બુદ્ધિ પ્રવર્તે છે.' એમ જ્ઞાની પુરૂષોએ કહ્યું છે. માટે ઉદ્યમનું પણ કારણ હોવાથી કર્મ જ પ્રધાન (મુખ્ય) છે. હે બહેન! આ સ્થળે તને હું એક દૃષ્ટાંત કહું છું તે તું સાંભળ.

કોઇ બે પુરૂષો વાદવિવાદ કરતા રાજાની પાસે ગયા. તેમાં એક કર્મનું અને બીજો ઉદ્યમનું સ્થાપન કરનાર હતો. રાજાએ તો તે બન્નેને જુદા પાડવા માટે ચોરની જેમ કોઇ કારાગૃહ જેવા ઘરમાં તરત જ હુકમ કરીને તેમને નાંખ્યા. તે ઘરમાં ગુપ્ત રીતે 'સર્વ' ભક્ષ્ય વસ્તુ રખાવીને તે ઘરના દ્વાર બંધ કર્યા, અને તે બન્નેને રાજાએ કહ્યું કે–"હવે તમે બન્ને ઉદ્યમનું અથવા કર્મનું ફળ જુઓ.

તમારી ઇચ્છાથી ભોજન કરો, અથવા ઇચ્છાથી બહાર નીકળો.' ત્યાર પછી ઉદ્યમવાદીએ વિચાર કર્યો કે–'કોઇ વખત કર્મ ફળીભૂત થાય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે, અને કોઇ વખત ઉદ્યમ પણ ફળનું કારણ થાય છે. એ રીતે સર્વ વસ્તુની પણ પોતપોતાના સમયને વિષે સિદ્ધિ રહેલી છે.'

આ પ્રમાણે વિચાર કરીને કાંઇક વિલંબ કરી કર્મવાદી પ્રત્યે બોલ્યો કે-'હે ભાઇ! હવે આપણે આ સ્થળે શું કરવા યોગ્ય છે, તે કહો.' કર્મવાદીએ જવાબ આપ્યો કે-'પોતાની મેળે જ સૌ સારા વાનાં થશે. સુખેથી બેસી રહો, અથવા સુખેથી હરો ફરો. પરંતુ હું તો કર્મનેજ પ્રમાણ કરીશ.' પછી ઉદ્યમવાદી તેના વચનની અવગણના કરીને ઉભો થઇ વિચાર કરવા લાગ્યો કે-

'આ ઘરમાં કાંઇ પણ ખાવા યોગ્ય વસ્તુ હોય તો શોધી લઉં.' એમ વિચારીને તે ખોવાયેલી વસ્તુની જેમ ઘરમાં ચોતરફ જોવા લાગ્યો. તેવામાં તે ઓરડામાં ઉપરાઉપરી ગોઠવેલાં હાંલ્લાંની ઉત્રેડમાં જોતાં વચલા માટલામાંથી વસ્રના છેડાને ખેંચતા વસ્ત્રમાં વીંટેલા ઘણા ઘીવાળા. હર્ષકારક' ચાર લાડુ જોવામાં આવ્યા. પછી 'હું મારા ઉદ્યમનું ફળ આ પુરૂષને દેખાડું.'

એમ ધારીને તેણે ગણપતિની આગળ જેમ લાડુ ધરે તેમ પેલા કર્મવાદીની પાસે તે લાડુ મૂક્યા, અને બોલ્યો કે-'જુઓ! હાથે પગે પાંગળા પુરૂ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ષનાજ જેવું કર્મ છે કે નહી ? કેમકે તે કર્મ વડે પોતાનું કાંઇ પણ કાર્ય સિદ્ધ થતું નથી. આ પ્રત્યક્ષ ઉદ્યમનુંજ મોટું ફળ દેખાય છે.' તે સાંભળીને કર્મવાદી હસીને બોલ્યો કે-

'તમે જે મોટા કષ્ટથી ફળને પ્રાપ્ત કર્યું, તે મારી પાસે લાવીને મૂક્યું, તે મારા કર્મનુંજ ફળ છે, પ્રસન્ન થયેલા મારા કર્મેજ તમને પણ આ ઉદ્યમ કરવાની બુદ્ધિ આપી છે. જો એમ ન હોય, તો તું પણ મારી જેમ બેસી જ રહ્યો હોત. પણ તને સ્વસ્થપણે બેસવા ન દીધો, એ જ મારા કર્મનું પરાક્રમ જાણુ માટે મારે તો કર્મજ પ્રધાન છે, ઉદ્યોગાદિક કોઇપણ પ્રમાણ નથી. જિનેશ્વરોને પણ કર્મ જ અનંત સુખ આપે છે, તથા દુઃખ પણ આપે છે.

'આ પ્રમાણે તેના બોલવાથી ઉદ્યમવાદીએ પણ તેની વાતને અંગીકાર કરી, કેમકે જેનું દષ્ટાંત પ્રગટપણે જોયું હોય એવા દાર્ષ્ટાંતિકને કોણ ન માને ! પછી ભાઇની જેમ વહેંચીને તે બન્ને જણ જમવા લાગ્યાં. તેમાં એક લાડુમાંથી કર્મવાદી અમૂલ્ય રત્ન પામ્યો. એક ચિત્તવાળો થઇને જે જેનું બહુમાન કરે છે તે તેને અવશ્ય ફળની પ્રાપ્તિ કરી આપે છે. અને તેના પર દેવ, ગુરુ, ધર્મ, મંત્ર, રાજા અને શેઠ વિગેરેની જેમ તે પ્રસન્ન થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ પ્રમાણે પ્રસન્ન થયેલા કર્મે કર્મવાદીને રત્ન આપ્યું ત્યારે સમકિત દર્શન પ્રાપ્ત થવાથી ભવ્ય પુરૂષની જેમ તે ઉદ્યમવાદી પણ કર્મપક્ષને વિષે દૃઢ બુદ્ધિવાળો થયો.

હવે તે નિર્જન સ્થાનમાં (ઘરમાં) તે રત્નવાળા મોદકનો યોગ શી રીતે થયો, તે કહું છું. કેમકે જે વાત સારી રીતે જાણવામાં ન આવે તે વાત શલ્યની જેમ હૃદયમાં ખુંચે છે. તે ઘરમાં સમૃદ્ધિવાળો એક રાજાનો સેવક રહેતો હતો. તેની સ્ત્રીએ પોતાના જમાઇને આપવાં માટે એક શ્રેષ્ઠ રત્ન એક મોદકમાં નાંખીને ચાર લાડુ કર્યાં હતા. તે મોદકોને એક વસ્ત્રના કકડામાં બાંધીને જીવિતની પેઠે ગુપ્ત રીતે ઉત્રેડના વચલા માટલામાં મૂકયાં હતા.

અન્યદા કોઇ નિમિત્તથી રાજા તે સેવક પર કોપ પામ્યો તેથી તેને કુટુંબસહિત એ ઘરમાંથી કાઢી મૂકયો. કેમકે રાજાનું માન તો સ્વપ્ન જેવું જ હોય છે. તે વખતે રાજાથી ભય પામેલો તે સેવક પોતાનું સર્વસ્વ તજીને કુટુંબ સહિત ઘરમાંથી નીકળી ગયો હતો.

આ પ્રકારે કર્મસંયોગે તે ઘરમાં મોદકમાં નાખેલા રત્નનો યોગ કર્મવાદી પુરૂષને પ્રાપ્ત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થયો. આ સર્વ હકીકત રાજાના જાણુવામાં આવી ત્યારે તે ચમત્કાર પામ્યો, અને તે બન્નેને છોડી મૂકયા. આ પ્રમાણે કર્મવાદી અને ઉદ્યમવાદી બન્ને વિવાદરહિત થઇને અત્યંત સુખી થયા.

માટે હે બહેન! સમગ્ર કાર્યને સાધનારૂં કર્મ જ છે. એમ તું પણ અંગીકાર કર, ત્રણ જગતના સમગ્ર જીવો જેને આધીન છે એવું કર્મ જ પ્રધાન છે. તે સાંભળીને પ્રત્યુત્તર દેવામાં અસમર્થ પરંતુ છળકપટથી બોલવાના સ્વભાવવાળી મોટી બહેન બોલી કે—

'જો સર્વ કર્મનાજ પ્રસાદ છે. તો તુજ બોલ કે તું કોના પ્રસાદથી (કૃપાથી) સુખી છે, અથવા માન પામે છે? તથા આ સમગ્ર લોકો કોની કૃપાથી સુખીયા છે?' ત્યારે નાની બહેન બોલી કે—'અંતઃકરણમાં કુડકપટ રાખીને કેવળ મુખથી મીઠું મીઠું બોલવાથી શું ફળ છે? સર્વને પોતપોતાના કર્મના પ્રભાવથી જ સુખ દુઃખ પ્રાપ્ત થાય છે. જીવોને પુણ્યનો ઉદય પ્રાપ્ત થાય ત્યારે રાજા તેમના પર પ્રસન્ન થાય છે; અને સર્વ ઇષ્ટ વસ્તુને આપે છે.

તથા પાપનો ઉદય થાય ત્યારે યમરાજની પેઠે તે રોષ પામે છે અને સર્વ વસ્તુનું હરણ પણ કરે છે. કહ્યું છે. કે—સર્વ જીવો પૂર્વે કરેલા કર્મનું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિશેષ કરીને ફળ પામે છે. અપરાધમાં અથવા ગુણમાં (લાભમાં કે હાનિમાં) બીજો તો નિમિત્ત માત્ર જ છે.'

આ પ્રમાણે નાની કુમારીનું વચન સાંભળીને મનમાં ક્રોધ પામેલો રાજા બોલ્યો કે-'હે દુષ્ટે! હે દુઃપંડિતે! તું તારા કર્મનું ફળ તથા તારા વચનનું ફળ તત્કાળ જો.' એમ કહીને રાજાએ પોતાના સેવકને આજ્ઞા આપી કે-'નગરમાં ચોતરફ શોધ કરી કોઇ મહાદરિદ્રી, કોઢીયો, ભીખારી અને રાંક પુરૂષ હોય તેને બોલાવી લાવો.' પછી રાજાના હુકમથી ચારે તરફ શોધ કરવાને ભમતા રાજસેવકોએ નગરના ઉપવનમાં રહેલો પેલો કોઢીયો પુરૂષ (રાજા) જોયો.

અર્થાત પૂર્વે વર્ણન કરેલા અને દેવતાની સહાયથી કોઢી તેમજ દરિદ્રી થઇને બેઠેલા પૃથ્વીપાળ રાજાને જોયો. પછી સેવકોએ તેને કોઇ પણ પ્રકારે સમજાવી મહા પ્રયત્નથી બંધિવાનની જેમ રાજા પાસે લાવી ઉભો રાખ્યો તે વખતે રાજાએ તે નાની કન્યાને કહ્યું કે–

'જો તું કર્મને જ માને છે તો તારા કર્મે આપેલા આ કોઢીયા દરિદ્રી વરને વર. જેથી તું કેવી કૃતાર્થ થાય છે, તે અમે જોઇશું.'

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ સર્વ જાણીને લોકોમાં હાહાકાર થઇ થઇ રહ્યો, અને તેમનાં હૃદય કંપવા લાગ્યા. તે વખતે પેલો કોઢીયો પણ સજ્જનપણાને લીધે તે કન્યાને પરણવા માટે નિષેધ કરવા લાગ્યો તો પણ કર્મનેજ પ્રધાન માનનારી અત્યંત સત્વ-યુક્ત એવી તે કન્યાએ પાણિગ્રહણની રીત પ્રમાણે તે કોઢીયાનો હાથ ગ્રહણ કર્યો.

તે વખતે તે સભામાં બેઠેલો એક જોશી આ વરકન્યાનો લગ્ન સમય વિચારી ગુપ્ત રીતે (મનમાં) બોલ્યો કે-'આ સમયે જેવું શુભ લગ્ન વર્તે છે. તેવું લગ્ન બાર વરસે પણ મળવું દુર્લભ છે. માટે આ સ્ત્રી પુરૂષને સર્વથા કોઇ મોટા દેવ જેવું અનુપમ સુખ પ્રાપ્ત થવું જોઇએ ! એમ અત્યારના લગ્ન બલથી જણાય છે.'

તે વખતે રાજાના સખ્ત હુકમથી કોઇથી કાંઇ પણ બોલી શકાતું નહોતું એટલે સૌ મૌન રહ્યા. વિવાહ થયા પછી તુરત રાજાએ તે કોઢીયા વરને આજ્ઞા કરી કે-'આ કન્યાને લઇને તું અહીંથી જા, અને આની પાસે દાસીની જેમ કામ કરાવજે.' પછી જાણે તેણીએ મોટી ચોરી કરી હોય તેમ તેણીને રાજાએ અતિ કોપથી કહ્યું કે-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ વરની સાથે જીવિત પર્યંત નિર્વાહ કરજે, અને ઉત્તમ સુખ પામજે.' તે સાંભળીને સાહસિક એવી તે કન્યા પણ 'બહુ સારૂં' એમ નમ્રતાથી કહીને દેવની જેમ તે વરનો હાથ ઝાલીને પિતાના ઘરમાંથી તેની લક્ષ્મીની જેમ નીકળી ગઇ. રાજાએ નિષેધ કરવાથી કોઇ દાસી પણ તેણીની સાથે જઇ શકી નહીં, અને રાજાના કોપના ભયથી અનિષ્ઠના જેમ તેણીને કોઇ બોલાવી પણ શક્યું નહી.

તે વખતે કેટલાક લોકો રાજાને દોષ દેવા લાગ્યા, કેટલાએક રાજાના કોપનો દોષ કહેવા લાગ્યા, કેટલાએક પ્રધાનાદિકનો દોષ પ્રગટ કરવા લાગ્યા, કેટલાએક તે કન્યાના ગુરૂનો દોષ કાઢવા લાગ્યા, કેટલાએક તેણીના મુગ્ધપણાનો દોષ કાઢવા લાગ્યા, કેટલાએક તેણીના ખરાબ ગ્રહનો દોષ કહેવા લાગ્યા અને કેટલાએક ધર્મીષ્ટ લોકો તેણીના કર્મનો જ દોષ કહેવા લાગ્યા.

આ પ્રમાણે નગરજનોના નવાં નવાં વચનો સાંભળતી તે કન્યા તે પતિની સાથે નગરની બહાર તેજ ઉદ્યાનમાં જઇને જાણે જુદા જ સ્વાદવાળી (આનંદવાળી) હોય તેમ વિષાદ (ખેદ) પામ્યા વિના તેની સાથે જ રહી. અને તેવા કોઢીયા વરની પણ જાણે કોઇ શ્રેષ્ઠ દેવતા હોય તેમ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરમ પ્રીતિરસે કરીને સેવા કરવા લાગી. 'સતીઓનું સત્વ મહા આશ્ચર્યકારક હોય છે.'

પછી તે અયોગ્ય અને અસમાન બનાવ જોવાને અશક્ત હોય એમ સૂર્ય બીજા દ્વીપમાં જતો રહ્યો. (અસ્ત થયો.) અને તેની સ્ત્રી સંધ્યા પણ સતીની જેમ તે સૂર્યની પાછળ ગઇ પછી જ્યારે મિથ્યાત્વના સમૂહની જેમ અંધકારનો સમૂહ ચોતરફ વિસ્તાર પામ્યો. ત્યારે તે કન્યાએ પતિને માટે સુંદર સંથારો પાથરી આપ્યો.

તેમાં સુખે સુતેલા તે પતિએ તેણીની પરીક્ષા કરવા માટે તેણીને કહ્યું કે-'હે ભદ્રે ! હા ! હા ! તું આ મોટા દુ:ખ સમુદ્રમાં કેમ પડી ? પ્રથમ તો તેં ભોળીએ આ અયુક્ત કાર્ય કર્યું, ત્યાર પછી બીજું અયુકત કાર્ય મેં કર્યું અને રાજાએ તો બહુ જ અયુકત કર્યું. કેમકે પિતા થઇને આવું અયુકત કેમ કરી શકાય ?

કહ્યું છે કે-'કદાચિત અલ્પ પ્રેમને લીધે છોરૂ તો કછોરૂ થાય, પણ અત્યંત પ્રેમવાળા માતા-પિતા (માવતર) કુમાતાપિતા (કુમાવતર) કેમ થાય ?' પણ હે સુંદરી ! હજુ કાંઇ જતું રહ્યું નથી અને કાંઇ બગડી ગયું નથી. હજુ પણ તું સ્વેચ્છાથી જ્યાં જવું હોય ત્યાં જા અને બીજા કોઇ શ્રેષ્ઠ વરને વર. તેથી તું કૃતાર્થ થઇશ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અત્યારે કોઇ જોતું પણ નથી અને કોઇ કાંઇ પૂછતું પણ નથી, માટે તું ઇચ્છા પ્રમાણે જા. કેમકે લક્ષ્મીને તથા હરણના સરખા નેત્રવાળી સુંદર સ્ત્રીઓને સર્વસ્થાને પોતાની મેળે જ માન મળે છે. અત્યંત નિંદવાલાયક એવા હું મારો પોતાનો પણ નિર્વાહ કરવાને સમર્થ નથી. તો તારો નિર્વાહ મારાથી શી રીતે થશે? તેથી તારે અપવિત્ર વસ્તુની જેમ મારો દૂરથી જ ત્યાગ કરવો યોગ્ય છે.'

આ પ્રમાણેનાં પતિનાં વચનો સાંભળીને માથું હલાવતી અને બે હાથે પોતાના કાનને ઢાંકતી તે કન્યા બોલી કે—'હા? નાથ? દાહના હેતુરૂપ આવાં અયોગ્ય વચન આપ કેમ બોલો છો? 'જ્યારે અનંતા પાપની રાશિ ઉદયમાં આવે છે, ત્યારે જીવને સ્ત્રીપણું પ્રાપ્ત થાય છે, એમ હે ગૌતમ! તમે સારી રીતે જાણો.'

આ પ્રમાણેના શ્રી મહાવીરસ્વામીના વચનથી જણાય છે કે સ્ત્રીનો જન્મ અતિ અધમ છે છે તેમાં પણ જો કદાચ શીલભ્રષ્ટ થયું હોય તો તે અત્યંત ઉચ્છિષ્ટ અને અનિષ્ટ જાણવું. તેથી આ જન્મમાં તો મારે તમારા શરણરુપ છે. કેમકે સ્ત્રીઓને પોતાના કર્મે આપેલો પતિ દેવતુલ્ય છે.'

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ પ્રમાણે તે કન્યાના દઢ નિશ્ચયથી તે રાજા ચિત્તમાં ચમત્કાર અને હર્ષ પામીને બોલ્યો કે-હે ભદ્રે ! આ પ્રમાણે તારા જન્મનો નિર્વાહ શી રીતે થશે ? માટે હવે હું પણ જો કોઇપણ પ્રકારે દિવ્ય શરીરવાળો અને નવા યૌવનવાળો થાઉં, તો જ યોગ્ય કહેવાય કેમકે અસગાન યોગને વિષે રસ ક્યાંથી આવે ?' એ પ્રમાણે કહીને દેવ-શક્તિથી તરત જ પોતાનું દિવ્ય રૂપ કરીને દેવની જેમ શોભતા તે રાજાએ પોતાની પ્રિયાને આશ્ચર્ય તથા હર્ષયુક્ત કરી. તે જોઇને 'હે સ્વામી ! આ શું ?' એમ તેણી પ્રશ્ન કરે છે, તેટલામાં તો તે જ ઠેકાણે તેને જ બનાવેલું દેવ-વિમાનના જેવું મણિમય ભવન જોયું અને તે ભવનમાં એક દિવ્ય પલંગપર બેઠેલા પોતાના પતિને જોયા.

તે વખતે તે રાજા છત્ર ચામર તથા નાટક કરવામાં તત્પર એવા દેવ તથા દેવીઓના સમુ-હથી પરિવરેલા ઇંદ્રના જેવા શોભતો હતો. તે સર્વ જોઇને–'શું આ તે સ્વપ્ન છે ? કે ઇન્દ્રજાળ છે ? કે મોહજાળ છે ? આ તે શું છે ?'

એ પ્રમાણે વિસ્મય પામેલી તે સુંદર મુખ-વાળી કન્યાને રાજાએ કહ્યું–'હે *રતિના જેવી

* કામદેવની સ્ત્રી રતિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સુંદર પ્રિયા ! તું તારા મનમાં નાના પ્રકારના સંકલ્પ વિકલ્પ કરીશ નહી. મારાપર દેવતા પ્રસન્ન થયેલ છે. હું રાજા છું, અને તારા શુભ કર્મવડે અહીં આવ્યો છું.' ત્યાર પછી રાજા પોતાનું સર્વ ચરિત્ર તેણીને કહીને બોલ્યો કે–

'હે સુભગે (સારા ભાગ્યવાળી) ! તેં જે કર્મને પ્રમાણરુપ કહ્યું, તે જ કર્મ તારા પર તુષ્ટમાન થયું છે. તારો પિતા ચંદ્ર રાજા મહા અજ્ઞાની છે. અને મિથ્યાભિમાની છે. તેનું ફળ પણ તું પ્રાતઃકાળે જોઇશ. તે તારી સમૃદ્ધિ જોવાને અહીં આવશે.' તે સાંભળીને હર્ષથી ઉલ્લાસ પામેલી તે કન્યાએ સ્વામીના મહિમાને માટે આખી રાત્રી દિવ્ય નૃત્ય કર્યું, કે જે નૃત્યથી ઇંદ્રનું હૃદય પણ ચમત્કાર પામે.

અહીં ચંદ્ર રાજાએ 'કોઢીયાને પોતાની કન્યા આપીને મેં મારા ક્રોધનું ફળ દેખાડયું, હવે સંતોષનું ફળ શીઘ્ર દેખાડુ.' એ પ્રમાણે વિચારીને ગર્વ પામેલા રાજાએ દેવ સમાન રૂપવાળા એક યુવાન રાજકુમારને ઉત્સવસહિત પહેલી (મોટી) કન્યા આપી. તેજ દિવસના રાત્રીના બીજા પ્રહરમાં ઉત્કૃષ્ટ લગ્ન લઇને સર્વ સમૃદ્ધિથી આખા શહેરમાં વિવાહ મહોત્સવ આરંભ્યો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જગતના લોકોને હર્ષ આપનાર એવા તે ઉત્સવવડે લગ્ન (મુહૂર્ત) સમયે ઘણી પ્રશંસા અને ઉત્સાહને પાત્ર એવો તે બન્નેનો વિવાહ થયો. ત્યાર પછી અશુભ કર્મના વશથી ત્યાં ઉગ્ર સર્પ નીકળ્યો, તે ત્રણ ભુવનનો સંહાર કરવામાં અત્યંત ભયંકર એવો જાણે બીજો યમરાજ હોય તેવો દેખાતો હતો. તેને જોઇને કલ્પાંતકાળના પવનથી સમુદ્રના કલ્લોલની જેમ સર્વે જનો ભયભીત થઇને ક્ષોભ પામ્યા. તે વખતે ભયથી સંભ્રાંત થયેલો વર પણ જલ્દીથી ઉઠીને ફાળ ભરતો નાસવા લાગ્યો તેવામાં તેનો પગ સર્પના શરીરપરજ આવ્યો, તેથી રોષ પામેલો સર્પ તેને ડસ્યો. અને તરત જ તે વર મરણ પામ્યો. કહ્યું છે કે–

'જૂદી રીતે કાર્ય કરવા ધાર્યું હોય, પણ તેનું પરિણામ તો તેથી જુદું જ આવે છે. કેમકે કર્મને વશ પડેલા જીવોને એક ક્ષણમાં જ ઘણાં વિઘ્નો આવે છે.' આવા સમયમાં આવું અયોગ્ય (અઘટિત) થયા છતાં પણ કેટલાક મનુષ્યોને જરા પણ વૈરાગ્ય થતો નથી. તેવા મનુષ્યોને ધિક્કાર છે. ત્યાર પછી દિવ્ય નાટકના ધ્વનિને સાંભળતા રાજા વિગેરે સર્વ મનુષ્યો અત્યંત શોકસમૂહથી મુનિની જેમ મૌન (સ્તંભિત) થઇ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગયા. તથા ચિત્તમાં ચમત્કાર પામીને વિચાર કરવા લાગ્યો કે–

'આ અકસ્માત શું થયું ? આ અસુરેન્દ્રના જેવી અથવા સુરેન્દ્રના જેવી ઋદ્ધિ હતી, તેમાં આમ અકસ્માત શું બની ગયું ?' આ પ્રમાણે સર્વ લોકો ચિત્તમાં શોક સાથે ચમત્કાર પામ્યા. પ્રાતઃકાળે રાજાએ પોતાના સેવકોને મોકલીને નાની કન્યાના સમાચાર મંગાવ્યા. તે સેવકોએ આવીને સર્વ વૃત્તાંત યથાર્થ કહી બતાવ્યો.

તે સાંભળીને રાજા અત્યંત વિસ્મય, લજ્જા અને આતુરતાથી પરાધીન થઇ ગયો. પછી અનિષ્ટ વસ્તુના ભારની જેમ અભિમાનના સમુહનો ત્યાગ કરીને તે રાજા પોતાની કન્યાનું સન્માન કરવા તૈયાર થયો અને કર્મનું પ્રધાનપણું માનવા લાગ્યો. પછી ચંદ્રરાજાએ પોતાના જમાઇ પૃથ્વીપાળ રાજાને સત્કાર સાથે શહેરમાં લાવી વિવાહની રીત પ્રમાણે બહુમાનપૂર્વક ગૃહ, દ્રવ્ય વિગેરે ઘણી વસ્તુઓની પહેરામણી કરી.

બીજે દિવસે તે નગરના ઉદ્યાનમાં વિશિષ્ટ જ્ઞાનિ ગુરૂ મહારાજ સમવસર્યા. તેને વાંદવા માટે ચંદ્ર રાજા સર્વ પરિવાર સહિત ગયો.

ગુરૂને વાંદી યથાસ્થાને બેસી દેશના સાંભળી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દેશનાને અંતે અવસર જોઇને રાજાએ પોતાની બન્ને કન્યાનો પૂર્વભવ પૂછયો ત્યારે જ્ઞાની ગુરૂ મહારાજ બોલ્યા કે-'હે રાજા ! તારી આ બે કન્યા પૂર્વે ધન અને 'ધનક' નામના બે શ્રેષ્ઠીની 'ધનશ્રી' અને 'ધનપ્રભા' નામની ચંદ્રની અને સૂર્યની સ્ત્રી જ્યોત્સ્ના અને પ્રભાની જેવી સ્વજનોમાં અત્યંત માનવાલાયક પ્રિયાઓ હતી. તે બન્ને જૈન ધર્મમાં આસકત હતી, અને પ્રાયે કરીને પાપના સ્થાનકોથી નિવૃત્તિ પામેલી હતી. તેમજ જ્ઞાનનું આરાધન કરવામાં નિપુણ અને ઉપધાનાદિકનું બહુમાન કરનારી હતી.

પરંતુ તેમાં પહેલી જે ધનશ્રી હતી તે કૃપણ હતી, તેથી ધનાદિકનો વ્યય કરવામાં તેણીનું હૃદય દુભાતું હતું. તે એટલી બધી કૃપણ હતી કે મુનિઓને પણ ભાવથી દાન દેતી નહીં. પરંતુ પોતે કૃપણ હોવાથી પોતાને ઘેર જે કોઇ મુનિરાજ આવતા, તેમને ઘરના બીજા માણસો બહુ આપી દે છે, માટે હું મારે હાથે જ આપું' એમ વિચારી ઉઠીને ઘણી ભકિત તથા આદર દેખાડતી, ઘરમાં સારી વસ્તુ ઘણી છતાં પણ થોડી દેખાડતી, અને 'જેમ મુનિઓને જરા પણ દોષ ન લાગે તેમ થોડું પણ શુદ્ધ એવું સુપાત્ર દાન આપવાથી તે અનંત ફળનું કારણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થાય છે.' એમ બોલતી છતી પાસે રહેલા બીજા માણસોને વારીને પોતાને હાથે જ મનના ભાવ વિના મુનિને જેવી તેવી તુચ્છ વસ્તુ અત્યંત થોડી વહોરાવતી. કોઇ વખતે મુનિ કાંઇ વસ્તુ લેવા આવે તો ઘરમાં તે વસ્તુ હોય છતાં 'નથી' એમ કહેતી. કદાચ તે વસ્તુ મુનિની દૃષ્ટિએ પડે તો કહેતી કે–

'આ વસ્તુ તો પારકી છે.' અથવા કોઇ વાર તે વસ્તુ શુદ્ધ છતાં 'અશુદ્ધ છે' એમ પણ કહેતી. આવી અદાન બુદ્ધિ (દાન ન દેવાની બુદ્ધિ) ને ધિક્કાર છે!

આ પ્રમાણે તે શ્રાવિકાએ બીજા ધર્મ કાર્ય (પ્રતિક્રમણ, પૌષધ વિગેરે વિના ખર્ચનાં કાર્ય) માં તત્પર છતાં પણ કૃપણપણાના દોષથી મહા ઉગ્ર ભોગાંતરાય કર્મ બાંધ્યું. 'અહો! નિર્મળ એવા જૈન ધર્મને પામીને પણ કેટલાએક મૂઢ જીવો અયોગ્ય આચરણ વડે આત્માને મલિન કરે છે, તે અત્યંત ખેદકારક છે.' હવે બીજી શ્રાવિકા જે ધનપ્રભા નામની હતી તે ઉદાર ચિત્તવાળી હતી. તેથી તેણીએ શુદ્ધ ભાવથી સુપાત્ર દાન આપવા વડે શુભ ભોગના ફળવાળું કર્મ બાંધ્યું. કારણ કે જીવના પરિણામ વિચિત્ર પ્રકારના હોય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અનુક્રમે આયુષ્ય પૂર્ણ થયે તે બન્ને શ્રાવિકાઓ મરણ પામીને સ્વર્ગમાં દેવપણે ઉત્પન્ન થઇ. પરંતુ તેમાની પહેલી ધનશ્રી કિલ્વિષીયા દેવના વિમાનમાં ઉત્પન્ન થઇ. ત્યાંથી આયુષ્ય પૂર્ણ થયે ચવીને તે બન્ને દેવો હે રાજા ! તારા પ્રેમના પાત્રરૂપ આ બે કન્યાઓ રૂપે ઉત્પન્ન થયેલ છે.

તે બન્નેને પોતપોતાના કર્મના વશથી ભોગની પ્રાપ્તિ ને ભોગનો નાશ થયેલ છે.' આ પ્રમાણે બંને કન્યાઓનો પૂર્વભવ સાંભળીને રાજાએ ગુરૂને પૂછ્યું કે-'હે સ્વામી ! મારી એક શંકાનું સમાધાન કરો કે કર્મ અને ઉદ્યમ એ બેમાં કયું પ્રધાન છે ?' ત્યારે જ્ઞાની ગુરૂ બોલ્યા કે–

'હે રાજા ! તે બન્નેનું પ્રાધાન્ય છે. કેમકે આ જગતમાં કોઇ ઠેકાણે જીવ બળવાન થાય છે, અને કોઇ ઠેકાણે કર્મ પણ બળવાન થાય છે. કહ્યું છે કે–જીવને તથા કર્મને અનાદિકાળથી વૈર બંધાયેલું છે, તેમાં જીવો ખરેખર કર્મને જ વશ છે, પરંતુ કોઇક વખત કર્મો પણ જીવને વશ થાય છે. કેમકે કોઇક ઠેકાણે ધારણ કરનાર (આધાર બલવાન હોય છે), અને કોઇ ઠેકાણે ધારણ કરવા લાયક (આધેય) વસ્તુ બળવાન હોય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જો કે કર્મ સંસારમાં ભમતા જીવોને અત્યંત દુઃખ આપે છે, તો પણ ધર્મનો ઉદ્યોગ તે સર્વ કર્મને પણ હણી નાખે છે. અન્યથા અનંતાનંત ભવોવડે સંચય કરેલાં અનંતા કર્મોને હણીને અનંતા જીવો શાશ્વતા મોક્ષને કેમ પામે? કુકર્મને કરનાર 'દઢપ્રહારી' અને 'ચુલણી' ઉદ્યમથીજ મોક્ષે ગયા છે તથા 'ચિલાતીપુત્ર' અને 'રોહણુયક' વિગેરે પણ ઉદ્યમથી જ સ્વર્ગે ગયા છે.

તેથી કરીને ધર્માથી પુરૂષો અનિષ્ટ એવા ઉગ્ર કર્મના ક્ષયને માટે નિરંતર ઉદ્યમ કર્યા જ કરે છે. આ રીતે કોઇ વખત ઉદ્યમ પણ બળવાન થઇ શકે છે. કહ્યું છે કે–

'પ્રાણીઓને સર્વ કાર્યમાં હંમેશાં ઉદ્યમનેજ પરમબંધુ કહેલો છે, કારણ કે ઉદ્યમ વિના મનુષ્ય મનોવાંછિતને મેળવી શકતો નથી.' જો કદાચ વિવિધ પ્રકારના ઉદ્યમો કર્યા છતાં પણ કાર્ય સિદ્ધ ન થાય, તો ત્યાં અવશ્ય તીવ્ર કર્મજ ભોગવવા-લાયક અને સમર્થ છે એમ જાણવું. વળી મહા-વીરસ્વામીનો નીચ કુળમાં અવતાર, મલ્લીનાથ સ્વામીનું સ્ત્રીપણે ઉત્પન્ન થવું, પરીક્ષિત રાજાનું મરણ તથા નંદિષેણુ અને આર્દ્રકુમારની ભ્રષ્ટતા એ સર્વ કર્મના વશથી જ થયાં છે. કહ્યું છે કે–

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



'બ્રહ્મદત્તનો દષ્ટિનો (નેત્રનો) નાશ થયો, ભરતચક્રીનો પરાજય થયો, કૃષ્ણના સમગ્ર કુટુંબનો નાશ થયો, છેલ્લા તીર્થંકરનો નીચ ગોત્રમાં અવતાર થયો, મલ્લીનાથને સ્ત્રીપણું પ્રાપ્ત થયું. નારદનું પણ નિર્વાણ (મોક્ષ) થયું, અને ચિલાતીપુત્રને પ્રશમના પરિણામ થાય.

આ તમામ બાબતોમાં કર્મ અને ઉદ્યમ એ બન્ને સ્પર્ધાએ કરીને તુલ્ય બળવાળા છતા આ જગતમાં પ્રગટ રીતે જયવંતા વર્તે છે.'

આ પ્રમાણે ગુરૂના મુખથી કર્મ અને ઉદ્યમની સમાનતા સાંભળીને ધર્મમાં ઉદ્યમ કરવાની બુદ્ધિ જેને ઉત્પન્ન થઇ છે એવો ચંદ્ર રાજા દુષ્ટ કર્મોને હણવા માટે તૈયાર થયો. પછી તે રાજાએ વિધિપૂર્વક પોતાના જમાઇ પૃથ્વીપાલને પોતાનું રાજ્ય સોંપીને મોટી પુત્રી તથા બન્ને રાણીઓ સહિત દીક્ષા ગ્રહણ કરી અને તેનું આરાધન કરીને પ્રાંતે મોક્ષે ગયો.

ત્યાર પછી પૃથ્વીપાલ રાજા ચંદ્રરાજાના રાજ્યને સ્વસ્થ કરીને ઇંદ્રની જેમ મોટી ઋદ્ધિસહિત પોતાની સ્ત્રીને લઇને પોતાના નગરમાં ગયો.

આ પ્રમાણે પેલા શ્લોકના ચોથા પાદની પરીક્ષા કરવાથી પૃથ્વીપાલ રાજા શાસ્ત્રોને વિષે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અત્યંત બહુમાનવાળો થયો. અજ્ઞાનનો નાશ કરવામાં અસમાન શાસ્ત્રોનું આદરસહિત શ્રવણ કરતાં તે રાજાની બુદ્ધિ ધર્મનું આરાધન કરવામાં તત્પર થઇ. કેમકે જ્ઞાનથી શું ન સંભવે ? સર્વ સંભવે.

સર્વ દર્શનીઓના ધર્મોને જોઇ જોઇને સારી રીતે પરીક્ષા કરવાથી જેના સમાન બીજો કોઇ ધર્મ નથી એવા આર્હત ધર્મને તેણે અંગીકાર કર્યો. અનુક્રમે જેમ જેમ તેની ધર્મમાં પરિણતિ વધવા લાગી. તેમ તેમ શ્રુતજ્ઞાન ઉપર તેનું બહુમાન વૃદ્ધિ પામવા લાગ્યું.

શાસ્ત્રનું શ્રવણ કરવામાં અને તેનું પઠન પાઠન કરવામાં તે રાજાએ એવું તલ્લીનપણું કર્યું કે જેથી પ્રગટ એવા સુંદર સંગીતના રસમાં પણ તે રસ (આનંદ) રહિત થયો. બહુશ્રુત એવા સાધુઓને બહુમાન આપીને, તથા તેમનો આશ્રય લઇને તેમજ શાસ્ત્રો લખાવવાં તથા જ્ઞાનનાં ઉજમણાં કરવા ઇત્યાદિ કાર્યો કરીને તેણે શ્રુતજ્ઞાનનું આરાધન કર્યું.

આ પ્રમાણે પૃથ્વીપાલ રાજાએ શ્રુતનું આરાધન કરવાથી દુઃસાધ્ય એવા પણ જ્ઞાનાવરણીય કર્મના ક્ષયને સાધ્યો. એકદા તે રાજા એકાગ્ર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચિત્તો શ્રુતના અર્થની અત્યંત ભાવના કરતાં મોક્ષરૂપ મહેલની નીસરણીસમાન ક્ષપકશ્રેણિપર આરૂઢ થયો.

તે જ વખતે તે રાજા લોકાલોકને પ્રકાશ કરનારૂં કેવળજ્ઞાન પામ્યો, અને દેવોએ તેને મુનિનો વેષ આપ્યો. પછી તે કેવળી રાજર્ષિએ પોતાના જ અનુભવેલા દૃષ્ટાંતને સ્પષ્ટ રીતે દેશનામાં કહીને ઘણા જીવોને શ્રુતજ્ઞાનના આરાધનમાં સાવધાન કર્યા. પછી પ્રતિબોધ પમાડવાલાયક ભવ્ય જીવોને પોતાના ઇતિહાસવડે પ્રતિબોધ પમાડીને ચિરકાળ સુધી પૃથ્વીપર વિહાર કરી તે રાજર્ષિ મોક્ષપદને પામ્યા.

હે ભવ્ય જીવો ! આ રીતે શ્રુતજ્ઞાનનું માત્ર બહુમાન કરવાથી પણ તે ભવે કેવળજ્ઞાન તથા મોક્ષરૂપ ફળ મળે છે, એમ જાણીને શ્રુતજ્ઞાનનું આરાધન કરવામાં અત્યંત પ્રયત્નવાળા થાઓ.

卐

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## ૨. કાકજંઘ અને કોકાશની કથા

સોપારક નગરમાં 'વિક્રમ' નામે રાજા હતો. તે નગરમાં 'સોમિલ' નામે એક રથકાર (સુથાર) હતો. તે સર્વ રથકારોનો અગ્રેસર હતો. તે સોમિલને 'દેવિલ' નામનો પુત્ર હતો. તથા તે જ સોમિલની દાસીને બ્રાહ્મણથી ઉત્પન્ન થયેલો 'કોકાશ' નામનો પુત્ર હતો. તે સોમિલ પોતાના પુત્ર દેવિલને હંમેશાં મોટા પ્રયાસથી પોતાની વિદ્યા શીખવતો હતો. કહ્યું છે કે—

પિતૃભિસ્તાડિતઃ પુત્રઃ, શિષ્યશ્ચ ગુરૂ શિક્ષિતઃ ।
ઘનાહતં સુવર્ણં ચ, જાયતે જનમણ્ડનમ્ ॥૧॥

ભાવાર્થ : બાપથી તાડન કરાયેલો પુત્ર ગુરુથી શિક્ષા અપાયેલ શિષ્ય અને ઘણથી ટીપાયેલું સુવર્ણ—એ ત્રણે લોકમાં શોભાને પામે છે.

સોમિલ પોતાના પુત્રને ઘણી મહેનત લઇને શીખવતો હતો, પરંતુ તેને કાંઇ પણ આવડતું નહીં. અને દાસી પુત્ર કોકાશ તેનો ચાકર હોવાથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેની પાસે બેસી રહેતા હતા તે મૌનતાથી જ સર્વ કળાઓને માત્ર સાંભળીને શીખી ગયા. તેમજ ગુરૂ (સોમિલ્લ) કરતાં પણ વધારે કુશળ થયા. કેટલેક કાળે સોમિલ રથકાર મરણ પામ્યા ત્યારે તેને સ્થાને તેના પુત્ર દેવિલ મૂર્ખ હોવાથી કોકાશને જ રાજાએ સ્થાપન કર્યો. કહ્યું છે કે—

દાસેરોઽપિગૃહસ્વામ્યમુચ્ચૈ, કામમવાપવાન્ ।
ગૃહસ્વામ્યપિ દાસેર મહો, આસ્યશુભાશુભે ॥૧॥

ભાવાર્થ—કોકાશ દાસી પુત્ર છતાં પણ મોટા ગૃહના સ્વામીપણાને પામ્યો. અને દેવિલ ગૃહ-સ્વામી છતાં પણ દાસનું આધીનપણું પામ્યો. અહો ? પૂર્વના શુભાશુભ કર્મ કેવા વિચિત્ર છે ?

અન્યદા કોકાશે ગુરૂના મુખથી ધર્મદેશના સાંભળી. તેથી તે જૈનધર્મ પામ્યો અને તેનું દઢ ચિત્તે આરાધન કરવા લાગ્યો.

માલવ દેશમાં ઉજ્જયિની નગરીમાં વિચાર-ધવલ નામે રાજા હતો. તેની પાસે ચાર નર રત્નો હતા. તેમાં એક રસોયો હતો તે ખાનારની જેવા ઇચ્છા હોય, તેવી જ રસોઇ કરતો. તેમજ તે રસોઇ જમ્યા પછી તે જ ક્ષણે (તરત જ), ક્ષણ પછી, અથવા એક પહોરે અથવા એક દિવસે,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અથવા એક પખવાડીયે અથવા એક માસે, અથવા એક વરસે એમ જ્યારે ભૂખ લગાડવાની ઇચ્છા હોય તે જ વખતે ભૂખ લાગે પણ તેથી પહેલાં અથવા પછી ક્ષુધા લાગે એવું બનતું નહીં. તેવી તે રસવતી બનાવતો હતો.

બીજું નરરત્ન શય્યાપાળ હતો. તે શય્યાને એવી પાથરતો કે તેમાં સુનારની ઇચ્છા ઘડીએ, પહોરે કે જ્યારે જાગવાની હોય ત્યારે તે જ ક્ષણે તે સુનાર કોઇની પ્રેરણા વિના જ જાગૃત થાય.

ત્રીજું નરરત્ન અંગમર્દક હતો. તે એક શેર તેલથી માંડીને પાંચશેર, દશશેર સુધી તેલ અંગમાં મર્દન કરીને સમાવતો હતો અને પછી જેટલું તેલ સમાવ્યું હોય તેટલું બધું પાછું કાઢી આપતો. પરંતુ સમાવતાં કે પાછુ કાઢતાં તેને શરીરે જરા પણ દુઃખ ઉત્પન્ન થતું નહીં.

ચોથું નરરત્ન ભંડારી હતો. તે એવી રીતે ભંડાર બનાવતો કે તેમાં રાખેલું ધન તેના વિના બીજો કોઇ જોઇ કે લઇ શકે નહીં. તેમજ તે ભંડારમાં કોઇ ખાતર પાડી શકે નહીં અને અગ્નિ લાગી શકે નહીં. આ ચાર રત્નોથી ચિંતિત કાર્ય કરતો વિચારધવલ રાજા અત્યંત સુખમાં દિવસો નિર્ગમન કરતો હતો. એકદા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેનું ચિત્ત સંસારથી વૈરાગ્ય પામ્યું. તેથી તે દીક્ષા લેવા તૈયાર થયો. પરંતુ તેને પુત્ર ન હોવાથી કોઇક ગોત્રીને રાજ્ય સોંપીને દીક્ષા લેવાનો તે વિચાર કરતો હતો.

તેવા સમયમાં પાટલીપુરના રાજા જિતશત્રુએ ચાર નરરત્નો લેવાની ઇચ્છાથી વિચારધવલની રાજધાની ઉજજયિની નગરીને અકસ્માત ઘેરો ઘાલ્યો, તે વખતે કાકતાલીય ન્યાયે વિચારધવલ રાજા શુળના મહારોગથી પીડા પામી સમાધિ વડે મૃત્યુ પામ્યો 'મહાશુળ વિગેરે વ્યાધિઓ ઘણું કરીને મૃત્યુરૂપ નાટકની નાંદી સમાન છે.' કહ્યું છે કે–

શુલ વિસ અહિ વિસૂઇઅ,
પાણિ અ સત્થગ્ગિસંભ મે હિં ચ;
દેહંતરસંકમણું કરેઇ જીવો મુહુત્તેણ ॥૧॥

ભાવાર્થ –: શૂલ રોગથી, વિષ ભક્ષણથી, સર્પદંશથી, ઝાડાથી, જળમાં ડુબવાથી, શસ્ત્રના વાગવાથી અને અગ્નિના ઉપદ્રવથી તેમજ સસંભ્રમથી જીવ એક મુહૂર્ત્ત માત્ર બીજા દેહની અંદર સંક્રમણ કરે છે. અર્થાત્ મૃત્યુ પામીને બીજા દેહને ધારણ કરે છે.

વિચારધવલ રાજાનું મૃત્યુ થવાથી તેના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મંત્રીઓએ નાયક વિનાનું સૈન્ય નકામું જાણી જિતશત્રુ રાજાને જ ભેટની જેમ તે પુરી સોંપી દીધી. એટલે જિતશત્રુ રાજા તે રાજ્ય પણ ભોગવવા લાગ્યો. પછી તે ચારે નરરત્નોની તેણે પરીક્ષા કરી. તો જેવા તેણે સાંભળ્યા હતા તેવા જ તે નરરત્નો જણાયા.

એકદા રાજાએ અંગમર્દક રત્નની પાસે અંગમર્દન કરાવીને પછી તેમાંથી સમગ્ર તેલ પાછું કાઢતી વેળાએ અંગમર્દકને આજ્ઞા કરીને પોતાની એક જંઘામાં પાંચ કર્ષ જેટલું તેલ બાકી રખાવ્યું પછી સભામાં જઇને કહ્યું કે–

'જો કોઇ બીજો અંગમર્દક અભિમાન ધરાવતો હોય તો તેણે મારી જંઘામાંથી બાકી રહેલું તેલ કાઢી આપવું.' તે સાંભળીને બીજા અંગમર્દકોએ ઘણા ઉપાયો કર્યો પણ તેઓ એક બિંદુ પણ કાઢી શકયા નહીં. તેથી તેઓ ઝંખવાણા થઇ ચાલ્યા ગયા.

બીજે દિવસે અંગમર્દક રત્નને રાજાએ તે જંઘાનું તેલ કાઢવા આજ્ઞા કરી પણ અંગમર્દક રત્ન બીજે દિવસે તેલ કાઢી શકયો નહીં. કેમકે તે જ દિવસે તેલ કાઢવાની તેની શક્તિ હતી. રાજાની જંઘામાં રહેલું તેલ કુવાની છાયા કુવામાં જ રહે તેમ ત્યાં જ સ્થિત થયું તેથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેની જંઘા કાગડાના વર્ણ જેવી શ્યામ વર્ણ- વાળી થઇ ગઇ. ત્યારથી લોકમાં તેનું કાકજંઘ એવું નામ પ્રસિદ્ધ થયું.

રાજા જેવાના પણ તેવા ઉપનામો લોકો પાડે છે. કેમકે 'જગતને મુખે ગરણું બાંધી શકાતું નથી.' વળી સારાં, ઉપનામો નઠારાં ઉપનામોની જેવા પ્રસિદ્ધ થતા નથી. જુઓ માષતુષ, કુર- ગડુક, સાવદ્યાચાર્ય, રાવણ વિગેરે નામો જેવા પ્રસિદ્ધિ પામ્યા છે. તેવા સારા નામો પ્રસિદ્ધી પામ્યા નથી.

એકદા કોકણ દેશમાં નિર્ધન લોકોનો સંહાર કરવામાં મહારાક્ષસ જેવો મોટો દુષ્કાળ પડયો. તેથી ધનિક લોકો પણ નિર્ધન જેવા થયા, અને રાજા પણ રંક જેવા થઇ ગયા, કહ્યું છે કે-

માનં મુચંતિ ગૌરવં પરિહર
ત્યાયાતિ દીનાત્મતામ્
લજ્જા મુત્સૃજતિ શ્રયત્યદયતાં
નીચત્વમાલંબતે ।
ભર્યાબન્ધુ સુતા સુતેષ્વ
પ્રકૃતીર્નાના વિદ્યા શ્રેષ્ઠતે
કિંકિં યન્ન કરોતિ નિન્દિતમપિ
પ્રાણી ક્ષુધાપીડિતઃ ॥૧॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાવાર્થ :- દુષ્કાળમાં ક્ષુધાથી પીડા પામેલા લોકો માનનો ત્યાગ કરે છે, ગૌરવ મૂકી દે છે, દીનતા ધારણ કરે છે, લજ્જાનો ત્યાગ કરે છે, નિર્દયતાનો આશ્રય કરે છે, નીચપણાનું અવલંબન કરે છે, ભાર્યા, બંધુ, પુત્ર અને પુત્રીને વિષે નાના પ્રકારના અપકાર કરવાની ચેષ્ટા કરે છે, અર્થાત્ તેઓના દુઃખની દરકાર કરતા નથી. તથા ક્ષુધાપીડિત મનુષ્ય બીજાં પણ કયા કયા નિંદિત કાર્યો કરતો નથી ? સર્વ કરે છે.

આવા ભયંકર દુષ્કાળના સમયમાં કોકાશ પોતાના કુટુંબનો નિર્વાહ નહીં થઇ શકવાથી સ્વદેશ છોડી ઉજ્જયિની નગરીમાં કુટુંબ સહિત આવ્યો. ત્યાં કોઇની સહાય વિના રાજાને મળી શકાય તેમ નહોતું, તેથી વિચાર કરીને છેવટે તે કોકાશે કાષ્ટના ઘણા પારેવા બનાવ્યા.

તેને કારીગરીથી એવી ખીલીઓ મારી હતી કે તે પારેવા ઉડીને રાજાના ધાન્યના કોઠારમાં જઇ જીવતા પારેવાની જેમ ચાંચ વડે ચોખા દાળ વિગેરે તમામ જાતનું અનાજ પોતાના કાષ્ટ શરીરમાં જેટલું માય તેટલું ભરીને પાછા કોકાશ પાસે આવતા પછી તે અનાજ તેમાંથી કાઢીને તે વડે કોકાશ પોતાના કુટુંબનું ભરણ પોષણ કરતો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એકદા ધાન્યના રક્ષકોએ સાચા પારેવાની જેમ દાણાથી ભરેલા તે કાષ્ટ કપોત રુપ ચોરોને ધાન્યના કોઠારમાંથી નીકળતા જોયા. તેથી આશ્ચર્ય પામીને તે આ રક્ષકો તે પારેવાની પાછળ તપાસ કરવા ગયા. તો તે પારેવાઓને કોકાશના ઘરમાં પેસતા જોયા. તેથી તેઓ તે કોકાશને પકડીને રાજા પાસે લઇ ગયા. રાજાએ તેને પૂછ્યું. ત્યારે તેણે સત્ય હકીકત કહી આપી. કહ્યું છે કે—

સત્યં મિત્રે પ્રિયં સ્ત્રીભિરલીકં મધુરં દ્વિષા ।
અનુકૂલં ચ સત્યં ચ,
વક્તવ્યં સ્વામિના સહ. ॥૧॥

ભાવાર્થ :– મિત્રો પાસે સત્ય બોલવું, સ્ત્રીની પાસે પ્રિય બોલવું, શત્રુ પાસે અસત્ય પણ મધુર બોલવું, અને રાજા પાસે અનુકૂળ તેમજ સત્ય વચન બોલવું.

તેની કલા કુશળતા સાંભળીને રાજાએ હર્ષિત થઇ પૂછ્યું કે 'તું બીજી પણ કાંઇ કળા જાણે છે?' કોકાશ બોલ્યો–'હે સ્વામી! રથકારની સર્વ કળાઓ હું જાણું છું. આપણી ઇચ્છા પ્રમાણે ગતિ કરે તેવા મોર, ગરુડ, પોપટ, હંસ વિગેરે પક્ષીઓ લાકડાના બનાવું છું, કે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જેની ઉપર રથની જેમ બેસીને પૃથ્વીની જેમ આકાશમાં પણ કીલકાદિકના પ્રયોગથી જવાય અવાય.' તે સાંભળીને કૌતુક પ્રિય રાજાએ કહ્યું કે 'મારે માટે તેવો એક ગરૂડ બનાવ કે જેના પર બેસીને આકાશમાં રહી આખા ભૂમંડળની શોભા જોઉં.'

આ પ્રમાણેની રાજાની આજ્ઞા થતાં કોકાશે તેવો ગરૂડ બનાવ્યો, તે ગરૂડને જોવાથી જ રાજાએ પ્રસન્ન થઇને તેના આખા કુટુંબનો સારી રીતે નિર્વાહ થાય તેવો બંદોબસ્ત કરી આપ્યો, તેથી તેઓ સુખેથી ત્યાં જ રહ્યા. કહ્યું છે કે—

લવણસમો નત્થિ રસો,
વિન્નાણસમો અ બંધવો નત્થિ ।
ધમ્મસમો નત્થિ નિહિ,
કોહસમો વેરિણો નત્થિ ॥૧॥

ભાવાર્થ :- લવણ જેવો બીજો કોઇ ઉત્તમ રસ નથી, વિજ્ઞાન કળા હુન્નર જેવો કોઇ બાંધવ નથી, ધર્મસમાન બીજો કોઇ નિધિ નથી અને ક્રોધ સમાન બીજો કોઇ વૈરી નથી.

એક દિવસ કોકાશને સાથે લઇને રાજા વિષ્ણુની જેમ પોતાની રાણી સહિત ગરૂડ પર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આરૂઢ થઇ આકાશ માર્ગે ચાલ્યો ઘણા દેશોને ઉલ્લંઘન કરી ભરૂચપુરની ઉપર આવ્યા. ત્યારે રાજાએ કોકાશને તે નગરનું નામ વિગેરે પૂછ્યું. ત્યારે તેણે ગુરૂના મુખથી પૂર્વે વૃત્તાંત સાંભળ્યું હતું તેથી બાલ્યો કે–

'હે સ્વામી ! આ નગરનું નામ ભરૂચ છે. આ પુરમાં પહેલાં શ્રી મુનિસુવ્રત સ્વામીએ સાઠ યોજન દૂર રહેલા પ્રતિષ્ટાનપુરથી એક રાત્રિમાં જ આવીને યજ્ઞમાં હોમવાને તૈયાર કરેલો અશ્વ કે જે પોતાને પૂર્વભવનો મિત્ર હતો, તેને પ્રતિબોધ પમાડયો હતો. અને તેને જૈન ધર્મમાં દઢ કર્યો હતો. જેથી તે અશ્વ મૃત્યુ પામીને સૌધર્મ દેવલોકમાં સામાનિક દેવતા થયો હતો.

તેણે તરત જ અવધિજ્ઞાન વડે પૂર્વની હકીકત જાણી એટલે તે અહીં (ભરૂચમાં) આવ્યો. અને જિનેશ્વરના સમવસરણને સ્થાને તેણે જિનપ્રાસાદ બનાવી તેમાં પ્રભુનું બિંબ પધરાવી તેની સન્મુખ પોતાની અશ્વમૂર્તિ ઉભી રાખી અને અશ્વાવબોધ નામનું તીર્થ સ્થાપન કર્યું."

આ પ્રમાણે વાતો કરતાં અને વિવિધ દેશોનું અવલોકન કરતાં તેઓ લંકા નગરી ઉપર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવ્યા, ત્યારે રાજાએ તેનું નામ વિગેરે કોકાશને પૂછયું. કોકાશ બોલ્યો કે 'હે સ્વામી! આ લંકાનગરી છે. અહીં પહેલાં રાવણ નામે રાજા થઇ ગયો. તેની સમૃદ્ધિ વર્ણન લોકમાં એવું સંભળાય છે કે-

તે રાવણે નવગ્રહોને પોતાના પલંગે બાંધ્યા હતા, યમરાજાને બાંધીને પાતાલમાં નાંખ્યો હતો, વાયુદેવ તેને ઘેર વાસીદું વાળતો હતો, ચારે મેઘો તેને ઘેર ગંધયુક્ત જળની વૃષ્ટિ કરતા હતા, યમરાજ પોતાના પાડા ઉપર જળ ભરીને લાવતો હતો, સાતે માતૃકા દેવીઓ તેના આરતી ઉતારતી હતી, શેષનાગ તેના મસ્તક પર છત્ર ધારણ કરતો હતો, સરસ્વતી તેની પાસે વીણા વગાડતી હતી, રંભા નામની અપ્સરા નૃત્ય કરતી હતી, તુંબરૂં દેવ ગંધર્વ ગાયનો કરતો હતો, નારદ તેનું દૂતપણું કરતો હતો, મંગળ ગ્રહ ભેંશો દોનારો હતો બુધ અરિસો દેખાડતો હતો, ગુરૂ બૃહસ્પતિ ઘડીયાળ વગાડતો હતો, શુક્ર શુક્રાચાર્ય તેનો મંત્રી હતો, શનિ તેના પુષ્ટ ભાગનો રક્ષક હતો, અઠયાસી હજાર ઋષિઓ પાણીના પરબની રક્ષા કરતા હતા, વિષ્ણુ તેની પાસે મસાલ ધારણ કરતા હતા, અને બ્રહ્મા તેના પુરોહિત હતા. આવી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમૃદ્ધિવાળો છતાં પણ તે રાવણ પરસ્ત્રીનું હરણ કરવાથી દુઃખ પામ્યો.' આ રીતે વાતો કરતા તે પાછા વળી પોતાના નગરમાં આવ્યા.

અન્યદા પશ્ચિમ દિશામાં ગયા. ત્યાં સિદ્ધાચળ અને ગિરનાર તીર્થ દેખી તેનું વર્ણન કર્યું. એજ પ્રમાણે ઉત્તર દિશા તરફ ગયા. ત્યારે કોકાશે અષ્ટાપદ નામનો કૈલાસ પર્વત. શાશ્વત સિદ્ધાયતનો તથા જિનેશ્વરના કલ્યાણકના સ્થાનકો દેખાડયા. હસ્તિનાપુર આવતાં તેનું વર્ણન કર્યું કે–

'હે સ્વામી ! અહીં સનત્કુમાર વિગેરે પાંચ ચક્રવર્તીઓ તથા પાંચ પાંડવો થયા છે. શ્રી ઋષભદેવ સ્વામીનું વરસીતપનું પારણું પણ અહીં થયું છે. શાંતિનાથ આદિ ત્રણ જિનેશ્વરના મોક્ષ કલ્યાણક વિના બાકીના ચાર ચાર કલ્યાણકો અહીં થયા છે.

વિષ્ણુકુમારે ઉત્તર વૈક્રિય શરીર અહીં કર્યું હતું, તથા કાર્તિક શ્રેષ્ઠીએ એક હજારને આઠ પુરૂષો સહિત અહીંજ દીક્ષા લીધી હતી વિગેરે અનેક શુભ કાર્યો અહીં થયેલાં છે.'

આ પ્રમાણે હંમેશાં નવાં નવાં તીર્થોનું મહાત્મ્ય સંભળાવીને કોકાશે રાજાને જૈન ધર્મ પર રૂચિવાળો કર્યો. પછી એકદા કોકાશ રાજાને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્ઞાની ગુરૂ પાસે લઇ ગયો. ગુરૂએ ધર્મોપદેશ કરતાં કહ્યું કે 'ગૃહસ્થીઓને માટે સમક્તિ સહિત પાંચ અણુવ્રત, ત્રણ અણુવ્રત અને ચાર શિક્ષાવ્રત મળી બાર વ્રતો કહેલાં છે. બીજા ધર્મના નિયમો ગ્રહણ કરવાથી તેના ફળમાં સામાન્ય વર્ષાની જેમ કદાચ સંદેહ રહે છે.

પણ આ જૈન ધર્મનું ફળ તો પુષ્કરાવર્ત મેઘની જેમ મળે જ છે-નિષ્ફળ જતું જ નથી.' ઇત્યાદિ ધર્મોપદેશ સાંભળી ને રાજાએ સમકિત સહિત બાર વ્રતો ગ્રહણ કર્યા. તેમાં છઠા દિગ્-વિરતિ વ્રતમાં એક દિવસે દરેક દિશાએ એક સો યોજનથી વધારે દૂર જવું નહિં એવો નિયમ લીધો.

એકદા રાજા યશોદેવી નામની પોતાની પટ્ટ-રાણી સહિત કાષ્ટ ગરુડ પર બેસી ફરવા જવા તૈયાર થયો. તે હકીકત જાણીને વિજયા નામની બીજી રાણીએ સપત્ની (શોકય) પરના દ્વેષને લીધે પોતાના ખાનગી માણસ પાસે તે ગરૂડની એક મૂળ ખીલી કાઢી નખાવી તેને સ્થાને બીજી તેવી જ નવી ખીલી સ્થાપન કરાવી. તે વાતની કોઇને ખબર પડી નહીં. કહ્યું છે કે-

ઉન્મત્તપ્રેમસંરંભાદારભન્તે યદંગના ।
તત્ર પ્રત્યુહમાધાતું, બ્રહ્માપિ ખલુ કાતરઃ ॥૧॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાવાર્થ :- ઉન્મત્ત પ્રેમના વેગથી સ્ત્રીઓ જે કાર્યનો આરંભ કરે છે તે કાર્યમાં વિઘ્ન લાવવાને બ્રહ્મા પણ સમર્થ થતો નથી.

પછી રાજા રાણી સહિત ગરૂડ પર બેઠો. અને કોકાશે ગરુડને આકાશમાં ઉડાડયો. ઘણા દૂર ગયા પછી રાજાએ દિગ્વિરતિ વ્રત યાદ આવવાથી કોકાશને પૂછયું કે 'હે મિત્ર! આપણે કેટલે દૂર આવ્યા ?'

કોકાશ બોલ્યો કે 'હે સ્વામી! આપણે બસો યોજન દૂર આવ્યા છીએ.' તે સાંભળી ખેદયુક્ત થઇ રાજાએ કહ્યું કે હે મિત્ર! ગરુડને જલ્દી પાછો વાળ, પાછો વાળ. કેમકે જાણ્યા પછી નિષિદ્ધ આચરણ કરવાથી તો મૂળ વ્રતનો ભંગ થાય છે અને અજાણતાં વ્રતનો ભંગ થવાથી અતિચાર લાગે છે. તો તે પ્રતિક્રમણાદિક કરવા વડે શુદ્ધ થઇ શકે છે. 'અહો! કૌતુક જોવાનું જેને પ્રિય છે એવા મને ધિક્કાર છે કે જેથી મેં આત્મહિત પણ જાણ્યું નહીં.'

આ પ્રમાણે જાણે પોતાનું સર્વસ્વ ગયું હોય તેમ રાજા શોક કરવા લાગ્યો. તે વખતે કોકાશે ગરુડનો પાછો વાળવા માટે બીજી ખીલી પકડી કે તરત જ તે ખીલી અન્ય છે એમ જાણીને તે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચિંતાતુર થઇ બોલ્યો 'હે દેવ! દુર્દૈવના વશથી કેઇ દુષ્ટે આ ખીલી બદલી નાંખી છે, હવે તે ખીલી વિના ગરુડ પાછું વળી શકશે નહીં, માટે હવે તો થોડે દૂર જઇને નીચે ઉતરીએ તો ઠીક થાય કેમકે જો અહીં જ ઉતરશું તો આ શત્રુનું રાજ્ય હોવાથી અનર્થનો સંભવ થશે.'

તે સાંભળી રાજાએ કહ્યું કે 'હે મિત્ર! અનંત ભવ સુધી દુ:ખ આપનાર વ્રતભંગ કરવા રૂપ વાક્ય તું કેમ બોલે છે? અનાભોગાદિકથી અજાણથી કદિ નિષિદ્ધનું સેવન થયું હોય તો વ્રતનું માલિન્ય થવા રૂપ અતિચાર લાગે છે અને જાણી જોઇને જો વ્રતનું ઉલ્લંઘન કરીયે તો વ્રતનો ભંગ જ થાય છે.

અતિચારથી ખંડિત થયેલું વ્રત તો કાચા ઘડાની જેમ પાછું સાંધી શકાય છે. પણ અનાચારથી થયેલ વ્રત ભંગ તો પાકા ઘડાની જેમ સાંધી શકાતો નથી માટે અહીંથી એક પગલું પણ આગળ વધવાનું કરીશ નહીં. કહ્યું છે કે–

જલધૂલીધરિત્ર્યાદિરેખાવદિતરે નૃણામ્ ॥
પરંપાષાણરેખેવ,
પ્રતિજ્ઞા હિ મહાત્મનામ્ ॥૧॥

ભાવાર્થ :– સામાન્ય જનોની પ્રતિજ્ઞા જળ,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધૂળ અને પૃથ્વી વિગેરેમાં કરેલી રેખા જેવી છે. તરત ભંગ થાય તેવી હોય છે. પણ મહાત્મા-ઓની પ્રતિજ્ઞા તો પથ્થરની રેખા જેવી એટલે તેનો ભંગ જ ન થાય તેવી હોય છે.'

વળી હે કોકાશ! વ્રતના ઉલ્લંઘનનું ફળ તો કડુ દ્રવ્યના આસ્વાદની જેમ હમણાં જ પ્રાપ્ત થયું છે, માટે તું જ ખીલીથી જો વળે તો વાળ, નહીં તો અહીં જ ઉતરી પાડવું યોગ્ય છે.

તે સાંભળી રાજાની દૃઢતાની વારંવાર પ્રશંસા કરતો કોકાશ ગરૂડને પાછો વાળવા પ્રયાસ કરવા લાગ્યો, તેવામાં તો તે ગરૂડની બંને પાંખો મળી ગઇ અને તે નીચે પડયો. પરંતુ સારા ભાગ્યને યોગે તે ગરૂડ એક સરોવરમાં પડયો.

તેથી કોઇના અંગને કાંઇ પણ ઇજા થઇ નહીં. પછી રાજા, રાણી અને કોકાશ ગરૂડ સહિત સરોવરને કાંઠે આવ્યા. તેની નજીકમાં જ કાંચનપુરનગર જોઇને કોકાશે રાજાને શીખા-મણ આપી કે–

'હે સ્વામી! આપ સાવધાન થઇને અહીં જ કોઇ ન જાણે તેમ છુપા રહો. હું ગામમાં કોઇ રથકારને ઘેર જઇ નવી ખીલી કરીને આવું છું.'

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એમ કહીને ભય રહીત કોકાશ રાજાના આનીતા રથકારને ઘેર ગયો અને તેની પાસે ખીલી કરવા માટે વિશેષ પ્રકારના ઓજાર માગ્યા. એટલે તે રથકાર એક રથનું પૈડું કરતો હતો તે પડતું મૂકીને તેના માગેલા ઓજાર લાવી આપવા ઘરની અંદર ગયો. તે ઓજાર લઇને આવ્યો તેટલામાં તો કોકાશે રથનું પૈડું તેના કરતા ઘણું જ સુંદર દિવ્ય ચક્ર (પૈડું) બનાવ્યું કે જે પૈડું હાથમાંથી નીચે મુકતાં જ ધક્કો માર્યા વિના તેની મેળે ચાલે.

તે રથકારે આવી અસાધારણ કળા જોઇ મનમાં વિચાર્યું કે 'નક્કી આ કોકાશ જ છે, તેના વિના બીજો આ પૃથ્વી પર આવી દિવ્ય કળાવાળો કોણ છે? કોઇ જ નથી.'

આ પ્રમાણે નિશ્ચય કરી તે રથકાર કોઇક બહાનું કરીને ત્યાંના રાજા પાસે ગયો અને તેને કહ્યું કે-

'હે રાજન્! પુણ્ય યોગે મારે ઘેર અકસ્માત કોકાશ આવેલો છે.' તે સાંભળીને રાજાએ પોતાના સેવકોને મોકલી કોકાશને બોલાવી પૂછ્યું કે 'તારો રાજા ક્યાં છે?'

ત્યારે બુદ્ધિમાન કોકાશે મરણના ભયથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેમજ કાંઇક મનમાં વિચાર કરીને પોતાના રાજાનું ઠેકાણું કહી દીધું. એટલે કનકપ્રભ રાજાએ સૈન્ય સહિત કાકજંઘ રાજા પાસે જઇ તેને બાંધી લઇને વિડંબના પૂર્વક કાષ્ટના પાંજરામાં નાખ્યો.

કલિંગ દેશનો રાજા તેના પર વૈરને લીધે તેને ખાવાનું આપતો નહી. તેથી ઘણા માણસોને દયા આવવાથી રાજાના ભયને લીધે કાગડાને બલિદાન આપવાને મીષે તેમને પિંડ (બલિદાન) આપવા લાગ્યા. એ પ્રમાણે કાકપિંડથી પ્રાણ- વૃત્તિને કરતો અને કોઇ પણ વખત જેણે સ્વપ્નમાં પણ દુઃખ જોયું નથી એવો કાંકજંઘ રાજા આવા કષ્ટને સમયે પણ ધીરજ રાખી પોતાના પૂર્વ કર્મને જ નિંદતો સતો દિવસ નિર્ગમન કરવા લાગ્યો. તે પોતાના આત્માને કહેતો કે–

કો ઇત્થ સયા સુહિઓ,
કસ્સ વ લચ્છી થિરાઇ પિમ્માઇ ।
કો મચ્ચુણા ન ગહિઓ,
કો ગિદ્ધો નેવ વિસએસુ ॥૧॥

ભાવાર્થ :– આ વિશ્વમાં નિરંતર સુખી કોણ છે? કોના લક્ષ્મી અને પ્રેમ સ્થિર રહ્યાં છે? મૃત્યુએ કોને ગ્રહણ કર્યો નથી? અને વિષયોમાં કોણ આસક્ત થયો નથી?’

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કેટલેક દિવસે રાજા કોકાશનો વધ કરવા તૈયાર થયો. ત્યારે પૌરજનોએ રાજાને કહ્યું કે "હે સ્વામી! આ અકાર્ય કરવું આપને યોગ્ય નથી. એક ખીલીને માટે થઇને આખો પ્રાસાદ કોણ તોડી પાડે? ઉત્તમ પુરૂષો તો ગુણોને વિષે પક્ષપાત રાખીને તેમાં સ્વપરનો વિભાગ ચિંતવતા જ નથી. કહ્યું છે કે–

સર્વેષાં બહુમાનાર્હ:,
કલાવાન્ સ્વપરોઽપિ વા ।
વિશિષ્ય ચ મહેશસ્ય,
મહીયો મહિમાપિ કૃત્ ॥૧॥

ભાવાર્થ :– કળાવાન પોતાનો હોય કે પારકો હોય, તો પણ તે સર્વને બહુમાન કરવાને યોગ્ય છે. જુઓ ચંદ્ર કળાવાન હોવાથી શંકરે તેને પર ન ગણતાં પોતાના ભાલસ્થળમાં સ્થાન આપ્યું છે.

આ પ્રમાણે પૌરજનોનું કહેવું સાંભળીને રાજાએ કોકાશનો સત્કાર કરી તેને કહ્યું કે 'હે કળાકુશળ! મારે માટે એક કમળના આકારે ગરૂડની જેવું આકાશગામી ઘર બનાવ તેને સો પાંખડીઓ કર અને દરેક પાંખડીઓ ઉપર મારા પુત્રોને રહેવા યોગ્ય મંદિરો બનાવ, તેના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મધ્યમાં કર્ણિકાને સ્થાને મારે રહેવા યોગ્ય ભવન કર અને તે ભવનની સન્મુખ પ્રધાનો વિગેરે પરિજનોની બેઠક બનાવ આવી રીતનું દેવ વિમાનની જેવું ભવન બનાવ.'

તે સાંભળીને જીવનની આશાવાળા થયેલા કોકાશે પોતાનો અભિપ્રાય ગુપ્ત રાખીને 'આપની આજ્ઞા પ્રમાણે છે.' એમ કહી પોતાના મનોરથને સિદ્ધ કરવા માટે અને બહારથી રાજાનું ચિત્ત પ્રસન્ન કરવા માટે તેણે કહ્યું તેવું કમળ ગૃહ બનાવ્યું. પછી તેણે કાકજંઘ રાજાને ગુપ્ત રીતે કહ્યું કે 'હે સ્વામી ? તમે ચિંતાનો ત્યાગ કરીને શ્રી જિનેશ્વરના જ ધ્યાનમાં તત્પર રહો. હું થોડા દિવસમાં શત્રુને વિડંબનામાં નાંખું છું.'

એમ કહી કોકાશે ગુપ્ત રીતે કાકજંઘના પુત્રને સૈન્ય સહિત બોલાવ્યો. તેના નજીક આવ્યાના ખબર મળતાં તે જ દિવસે શુભ મુહૂર્ત કહીને કનકપ્રભ રાજાને પરિવાર સહિત તે કમળ ગૃહમાં બેસવા કહ્યું રાજા પણ તે, જોઇને ગર્વથી સૌધર્મ ઇન્દ્રના ભવનનો પણ તિરસ્કાર કરતો આનંદ પામ્યો, પછી સર્વને તે પદ્મ ગૃહમાં દાખલ કરી પ્રફુલ્લ મુખથી કોકાશ બોલ્યો કે–

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



'હે રાજા ? તમે સર્વે પોતપોતાના સ્થાન પર સાવધાન થઇને બેસી જાઓ. હું ખીલીના પ્રયોગથી હમણાં આ વિમાન આકાશમાં ઉડાડી તમને કૌતુક દેખાડું છું.'

તે સાંભળીને ભૂખ્યા માણસો ભોજન માટે બેસી જાય, તેમ તેઓ કૌતુક જોવાને માટે પોત પોતાને સ્થાને બેસી ગયા. પછી કોકાશ કાંઇક છેડાનાથી તે કમળ ગૃહની બહાર નીકળી બોલ્યો 'હે મૂઢ લોકો ? જુઓ ? મારા સ્વામીની વિડંબના કરવાનું ફળ ? '

એમ કહી તેણે ખીલી ફેરવી કે તરત જ નિદ્રાથી ઘૂર્ણાયમાન થયેલા નેત્રની પેઠે તે આખું ભવન કમળની જેમ બીડાઇ ગયું. અને તેમાં રહેલાં સર્વે લોકો ભ્રમરાની જેમ હાહારવ કરવા લાગ્યા. અહીં કમળ અને ભ્રમરા ઉપર અન્યોક્તિથી કહેલો શ્લોક ઘટી શકે છે. તે આ પ્રમાણે છે–

રાત્રિર્ગમિષ્યતિ ભવિષ્યતિ સુપ્રભાતં<br>
ભાસ્વાનુ દેષ્યતિ હસિષ્યતિ પંકજશ્રીઃ ।<br>
ઇત્થં વિચિન્તયતિ કોશગતે દ્વિરેફે<br>
હા હન્ત હન્ત નલિની ગજ ઉજ્જહાર ॥૧॥

ભાવાર્થ :– કોઇ એક ભમરો એક કમળમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પેસી તેનો રસ ચૂસતો હતો, તેવામાં રાત પડી. અને કમળ બીડાઇ ગયું. ત્યારે અંદર રહેલો ભમરો વિચાર કરવા લાગ્યો 'રાત્રિ જતી રહેશે અને સારો પ્રાતઃકાળ થશે તથા સૂર્યનો ઉદય થશે, ત્યારે આ કમળની શોભા ખીલશે (કમળ ઉઘડશે એટલે હું નીકળી જઇશ.') એમ કોશમાં રહેલો ભમરો વિચાર કરતો હતો તેટલામાં તો એદકારક વાત બની કે કોઇ હાથી ત્યાં પાણી પીવા આવ્યો. તેણે તે કમળને તોડી નાખ્યું અને ખાઇ ગયો,' જેથી ભમરાની ધારણા મનની મનમાં રહી. તેમ અહીં પણ કૌતુક જોવાને મિષે દેવભવન જેવા ભવનમાં પેઠેલા રાજા વિગેરેની કૌતુક જોવાની ઇચ્છા મનની મનમાં રહી અને ઉલટા કષ્ટમાં આવી પડયા.

એ વખતે કોકાશના કરી રાખેલા સંકેત પ્રમાણે કાકજંઘ રાજાનો પુત્ર સૈન્ય સહિત ત્યાં આવી પહોંચ્યો. તેણે કનકપ્રભ રાજાના સુભટોને જીતીને પોતાના માતપિતાને પાંજરામાંથી બહાર કાઢયા. પછી કોકાશ સહિત સૌ પોતાને નગરે ગયા. કાકજંઘ રાજાએ પોતાની મનમાં બાંધેલી અવધિ ઉપરાંતનો તે દેશ હોવાથી પોતાને તાબે કર્યો નહીં,

કાકજંઘ રાજાએ રાજ્યનું પાલન કરતાં ગરૂડની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ખીલી બદલવાનો પ્રપંચ પોતાની જ બીજી રાણીનો હતો, એમ જાણ્યા છતાં ગંભીરતાને લીધે પ્રગટ કર્યો નહીં. કહ્યું છે કે–

અર્થનાશં મનસ્તાપં,
ગૃહે દુશ્ચરિતાનિ ચ ।
વઞ્ચનં ચાયમાનં ચ,
મતિમાન્ન પ્રકાશયેત્ ॥૧॥

ભાવાર્થ :– ધનનો નાશ, મનનો સંતાપ ઘરમાં ચાલતું દુરાચરણ. વંચન કોઇનાથી ઠગાઇ ગયા હઇએ તે, અને અપમાન કોઇએ કર્યું હોય તે, એટલાં વાનાં બુદ્ધિમાન પુરૂષ કોઇની પાસે પ્રકાશિત કરે નહીં.'

અહીં પરિવાર સહિત કનકપ્રભ રાજાને કમલગૃહમાંથી બહાર કાઢવા માટે ઘણા ઉપાયો કરવામાં આવ્યા. લોકો એકઠા થઇને કમળગૃહને ભાંગી નાંખવા માટે કુહાડા વિગેરેનાં પ્રહાર તેના પર કરવા લાગ્યા. પરંતુ તે કમળગ્રહ ન ઉઘડતાં તેની અંદર રહેલા રાજા વિગેરે સર્વને તેના પ્રહારની પીડા થવા લાગી.

છેવટે તેમને કાંઇપણ ઉપાય સૂજ્યો નહીં ત્યારે તે લોકોએ અવંતીમાં આવી કોકાશની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાસે પોતાના રાજાના જીવિતની ભિક્ષા માંગી ત્યારે કોકાશે તેઓને કહ્યું કે–

'તમારો રાજા અમારા રાજાની દાસની જેમ સેવા કરે, તો તેને મુક્ત કરૂં.' તે સાંભળી લોકોએ તેમ કરવું કબુલ કર્યું. પછી કોકાશે ત્યાં જઇને તે કમળગ્રહ ઉઘાડયું, એટલે સર્વે બહાર નીકળ્યા. કનકપ્રભ રાજાએ કોકાશનો પિતાની જેમ સત્કાર કર્યો. પછી કોકાશ પોતાના નગરમાં આવ્યો.

એકદા કાકજંગ રાજા અને કોકાશ ગુરૂ પાસે ગયાં તેમણે ધર્મદેશના સાંભળીને પોતાનો પૂર્વભવ પૂછયો. ત્યારે ગુરૂ બોલ્યા કે–

'હે રાજા! પૂર્વે તું ગજપુરનો રાજા હતો. અને આ કોકાશ તે જ ગામમાં બ્રાહ્મણ જાતિનો જૈનધર્મી સુત્રધાર હતો. તેના વચનથી તે તેની પાસે અનેક જૈન પ્રાસાદો કરાવ્યા. એકદા તે જ ગામમાં કોઇ બીજા ગામથી એક જૈન સૂત્રધાર આવ્યો તે પણ પોતાની કળામાં કુશળતાવાળો હતો. તેની કળા પર ઇર્ષ્યા આવવાથી તારા પ્રથમના સૂત્રધારે તારી પાસે તેની જાતિ નીચ છે. ઇત્યાદિ કહીને તેની નિંદા કરી. કહ્યું છે કે–

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કલાવાન્ ધનવાન્ વિદ્વાન
ક્રિયાવાન્ ધનમાનવાન્ ।
નૃપસ્તપસ્વી દાતા ચ
સ્વતુલ્યં સહ તે ન હિ ॥૧॥

ભાવાર્થ :– કળાવાન, ધનવાન, વિદ્વાન, ક્રિયાવાન, ધનના અભિમાનવાળો રાજા, તપસ્વી અને દાતાર–એઓ પોતાની સરખાને સહન કરતા નથી–જોઇ શકતા નથી.

પોતાના સૂત્રધારના કહેવાથી તેં પણ તે નવા આવેલા સૂત્રધારને છ ઘડી કારાગૃહમાં રાખ્યો પણ પછી તે કાર્ય અઘટિત લાગતાં તેને મુક્ત કર્યો. તે પાપની આલોચના કર્યા વિના તમો બન્ને મરણ પામીને સૌધર્મ દેવલોકમાં દેવતા થયા.

ત્યાંથી ચ્યવીને આ ભવે પણ તમે રાજા અને રથકાર થયા છો. કોકાશે જાતિ મદ કર્યો હતો, તેથી આ ભવે તે દાસીપુત્ર થયો. અને પેલા પરદેશી સૂત્રધારને છ ઘડી કેદખાનામાં રાખ્યો હતો તેથી આ ભવે તમે બને છ માસ સુધી કેદખાનામાં તેમજ પ્રતિબંધમાં રહ્યા.'

આ પ્રમાણે જ્ઞાનીના વચનો સાંભળીને કાકજંઘ રાજાએ પોતાના પુત્રને રાજ્ય પર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્થાપન કરી કોકાશ સહિત દીક્ષા ગ્રહણ કરી. અનુક્રમે કેવળજ્ઞાન પામી તે બંને મોક્ષપદને પામ્યા.

જગત પ્રસિદ્ધ કાકજંઘ રાજા કોકાશની બુદ્ધિથી ધર્મની દઢતા મેળવી કારક સમકિત ધારણ કરી અતીંદ્રિય જ્ઞાન પામીને મોક્ષે ગયા.

( ઉ. પ્રા. સ્તંભ–૪ વ્યા. ૫૯ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## સંસ્કૃત કાવ્યોના અભ્યાસ માટે ઉપયોગી

| ક્રમ | પુસ્તકનું નામ | કિંમત રૂા. |
|---|---|---|
| ૧ | રઘુવંશ મૂળ તથા ૩ સર્ગ ટીકા તથા છન્દ્રોમૃત રસ | ૧૬ |
| ૨ | રઘુવંશ ૩ સર્ગ ટીકા તથા છન્દ્રોમૃત રસ | ૬ |
| ૩ | કિરાતા ર્જુનીય મૂળ તથા ૩ સર્ગ ટીકા | ૧૬ |
| ૪ | કિરાતા જુનીય ૩ સર્ગ ટીકા | ૧૦ |
| ૫ | કુમારસંભવ મૂળ તથા ૪ સર્ગ ટીકા પ્રાકૃત લક્ષણ | ૧૬ |
| ૬ | કુમાર સંભવ ૪ સર્ગ ટીકા તથા પ્રાકૃત લક્ષણ | ૧૦ |
| ૭ | શિશુપાલ વધ મૂળ તથા ૩ સર્ગ ટીકા તથા સારસમુચ્ચય કુલક | ૨૦ |
| ૮ | નૈષધીચરિતમ્ મૂળ તથા ૧ સર્ગ ટીકા | ૩૫ |
| ૯ | મેઘદૂત મૂળ તથા પૂર્વ મેઘ ટીકા | ૧૦ |
| ૧૦ | કાવ્ય ષટ્કં મૂલ (રઘુવંશ, કુમાર સંભવ, કિરતાર્જુનીય, શિશુપાલ વધ, નૈષધીય, મેઘદૂત) ૯૯૨ પેઈજ | ૧૫૦ |
| ૧૧ | અનેકાર્થ સંગ્રહ ભાષાંતર | ૪૦ |
| ૧૨ | ધનંજય નામમાલા અનુવાદ સહ | ૨-૫૦ |
| ૧૩ | અનેકાર્થ સંગ્રહ સટીક ભા. ૧ | ૧૦ |
| ૧૪ | અનેકાર્થ સંગ્રહ સટીક ભા. ૨ | ૩૫ |
| ૧૫ | રામચંદ્ર ચરિત્રમ્ | ૦૬ |
| ૧૬ | છન્દોમૃતરસઃ | ૦૨ |
| ૧૭ | સંખ્યા વાચક શબ્દ કોષ | ૦૫ |
| ૧૮ | નિહ્નવ વકતવ્યતા | ૧૦ |
| ૧૯ | ભર્તૃહરી શતકત્રયમ્ | ૨૦ |

## અભ્યાસ તથા પ્રભાવના માટે મંગાવો

| ક્રમ | પુસ્તકનું નામ | કિંમત રૂા. |
|---|---|---|
| ૧ | બે પ્રતિક્રમણ સૂત્ર મૂળ | ૨૫ |
| ૨ | બે પ્રતિક્રમણ અંગ્રેજી | ૨૦ |
| ૩ | બે પ્રતિક્રમણ સચિત્ર સરલ વિધિ સહિત | ૧૦ |
| ૪ | સામાયિક ચૈત્યવંદનાદિ સૂત્રો | |
| ૫ | સામાયિક ચૈત્યવંદનાદિ સચિત્ર અંગ્રેજી | ૦૬ |
| ૬ | સામાયિક ચૈત્યવંદનાદિ વિધિ સહિત | ૦૪ |
| ૭ | સામાયિક ચૈત્યવંદનાદિ સચિત્ર વિધિ સહિત અંગ્રેજી | ૨૦ |
| | ...ંગ્રેજી ગીતો | ૨૫ |

૨૫ ટકા કિ... ...ક અલગ

Serving JinShasan
139006
gyanmandir@kobatirth.org

શ્રી હ... ...લા

C/o. શ્રુતજ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર - ૩૬૧૦૦૫.

ફોન : ૭૭૦૯૬૩

For Private And Personal Use Only